Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

आत्मानन्दं प्रयाति स्मरणकरणतः श्रीमद्गोविन्दकाशात्
पुण्यं ज्ञानं ददाति प्रतिदिनमथ यद्वाचनं सज्जनेभ्यः ।
यस्य स्तुत्यप्रयत्नः समुद्गकरणे सत्प्रभावे रतानां
'आत्मानन्द प्रकाश' वहतु हृदि मुदं मासिकं तद्गुणानाम् ॥ १ ॥

पु. १७ | वीर सं. २४४६—पोष—माघ. आत्म सं. २४ | अंक ६–७

प्रकाशक— जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.

વિષય. પૃષ્ઠ.

૧ શ્રી વીર સ્તુતિ. ( રા. વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) ... ... ... ૧૪૫
૨ કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો ( રા. કુબેરલાલ અં. ત્રિવેદી ) ... ... ... ૧૪૬
૩ સ્વજીવન શક્તિનો વ્યર્થ વ્યય. ( મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી. ) ... ૧૪૮
૪ સંયમ સુખની વાનગી છે. ,, ,, ... ૧૫૦
૫ સત્સંગના લાભ. ... ,, ,, ... ૧૫૧
૬ તીર્થ સેવાનું ફળ. ,, ,, ... ૧૫૧
૭ મિથ્યાત્વના ચાર ભેદ. ,, ,, ... ૧૫૨
૮ સદ્ગુરૂ મહિમા. ... ,, ,, ... ૧૫૩
૯ ઉદ્યોગ પરાયણતા. ( રા. વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. ) ... ... ૧૫૪
૧૦ બારમી જૈન શ્વે. કોન્ફરન્સ. ( માસિક-કમીટી ) ... ... ... [illegible]
૧૧ કોન્ફરન્સના સભાપતિનું વ્યાખ્યાન. ... ... ... ... [illegible]
૧૨ મુનિમહારાજ શ્રી લલિતવિજયજીનું વ્યાખ્યાન. ... ... ... ૧૬૦
૧૩ જૈન સાહિત્ય સંશોધક સમાજ. ... ... ... ... [illegible]
૧૪ ગ્રંથાવલોકન. ... ... ... ... ... ... ... ૧૬૬
૧૫ વર્તમાન સમાચાર. ... ... ... ... ... ... ૧૬૭

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

१ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા. શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
२ ચૈત્યવંદન મહાભાષ્ય.
३ જૈન મેઘદૂત સટીક.
४ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ.
५ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ.
६ અંતગડદશાંગ સૂત્ર સટીક ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી.
७ શ્રી કલ્પસૂત્ર-કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્રરત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમનાં ધર્મપત્નિ બાઇ ચુનીબાઇની દ્રવ્ય સહાયથી.
८ શ્રી ઉપાસકદશાંગ સુત્ર બુહારીવાળા શેઠ પીતાંબરદાસ પન્નાજી.
९ સિદ્ધિપ્રાભૃત સટીક.
१० ષટ્સ્થાનક સટીક.
११ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
१२ શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક.
१३ વિજયચંદ્ર કેવળી ચરિત્ર પ્રાકૃત.
१४ વિજ્ઞપ્તિ સંગ્રહ.
१५ વિજયદેવસૂરિ માહાત્મ્ય.
१६ જૈન ગ્રંથ પ્રસ્તિત સંગ્રહ.
१७ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે.
१८ ધાતુ પરાયણ.
१९ શ્રી નંદીસૂત્ર-શ્રી હરિભદ્રસૂરિ કૃત ટીકા સાથે બુહારીવાળા શેઠ મોતીચંદ સુરચંદ તરફથી.
२० શ્રી અનુત્તરોવવાઇ-શા. કચરાભાઇ નેમચંદ ખંભાતવાળા તરફથી.

---

## શ્રીમાન્ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કૃત

## શ્રી અધ્યાત્મ મતપરિક્ષા ગ્રંથ.

( મૂળ સાથે ભાષાંતર )

સતરમાં સૈકામાં કે જ્યારે જૈન દર્શનની અંદર પડેલ ભિન્ન ભિન્ન શાખામાં ધર્મ સંબંધી અનેક વિવાદો ચાલતા હતા, તે દરમ્યાન બાળ જીવોને સત્ય શું ? અને શુદ્ધ તત્વો શેમાં છે ? તે શોધવાની મુશ્કેલી જણાતાં તેવા જીવોનો ઉપકાર કરવા નિમિતે જ આ અધ્યાત્મિક ગ્રંથની ઉક્ત મહાત્માએ રચના કરી છે. શુદ્ધ તત્ત્વના સ્વીકારને જ આપ્ત પુરૂષો અધ્યાત્મ કહે છે, જેથી તેની પરિક્ષા કરીને તે ગ્રહણ કરવું જોઇએ, તેજ આ ગ્રંથમાં બતાવવામાં આવેલું છે. ગ્રંથની શરૂઆતમાં અધ્યાત્મ કોને કહેવું તેની વ્યાખ્યા સાથે નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ; એ ચારમાં મોક્ષના કારણ એવા ભાવઅધ્યાત્મ વિષે વિવેચન કરી તેની અંદર જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉચ્ચ ઘટના કેવી રીતે થઇ શકે, તે માટે મહાત્મા ગ્રંથકાર મહારાજે યુક્તિપૂર્વક બતાવ્યું છે, તે સાથે અધ્યાત્મની સિદ્ધિ ક્યારે થઇ શકે તેને અંગે શંકા સમાધાન પૂર્વક અન્ય ગ્રંથોના પ્રમાણ આપી પુરવાર કરી બતાવ્યું છે. ત્યારબાદ જેમના મતનો વિચાર કર્ત્તવ્ય છે તેવા નામ-અધ્યાત્મી કે જે શુદ્ધ અધ્યાત્મથી તેમની હકીકત કેવળ જુદી અને વિરોધી છે અને શુદ્ધ ભાવઅધ્યાત્મ જ મોક્ષનું કારણ છે, તેનું સ્ફુટ વિવેચન ગ્રંથકર્ત્તા શ્રીમાને અસરકારક રીતે બતાવ્યું છે. અધ્યાત્મના ખપી અને રસીકને આ અપૂર્વ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો છે. કિંમત રૂ. ०-८-० પોસ્ટેજ જુદું. અમારી પાસેથી મળશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १७ ] वीर संवत् २४४१, पोष. आत्म संवत् २४. [ अंक ६ ठो.

## श्री वीर स्तुति.

### હરિગીત.

જે વીરના ઉપદેશની અમૃતમયી વૃષ્ટિવડે,
આ જગતમાં લોકો ઘણા પામ્યા છ બોધી બિજને;
ચારિત્ર ઉંચું જેહનું નિરખી અને હૃદયે ધરી,
સંસારમાં લોકો ઘણાએ આરિત્રને ધારણ કર્યું;
સંસાર સાગરથી કર્યો ઉદ્ધાર કઇક જનો તણો,
તે ધર્મસ્તંભરૂપી પ્રભુજી વિજય પામો સર્વદા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો.

પદ્યાત્મક ભાષાંતર સહિત.

લે૦ રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી—ભાવનગર.

ગતાંક પૃષ્ટ ૧૧૯ થી શરૂ.

आकाशमुत्पततु गच्छतु वा दिगन्त
मम्भोनिधिं विशतु तिष्ठतु वा यथेच्छम् ।
जन्मान्तरार्जितशुभाशुभकृन्नराणाम्
छायेव न त्यजति कर्मफलानुबन्धः ॥

( વસંતતિલકા. )

ઉડી ભલે ગગનમાં કદિ ભાઇ જાઓ,
યત્ને કરી ફરી વળો સઘળી દિશાઓ;
પેસો સમુદ્રમહિં કે વરતો સ્વચ્છંદ,
છોડે ન છાંયસમ કર્મફલાનુબંધ.

कैवर्तकर्कशकरग्रहणच्युतोऽपि
जालान्तरे निपतितः शफरो वराकः ॥
दैवात्ततो विगलितो गिलितो बकेन
वक्रे विधौ वद कथं व्यवसायसिद्धिः ॥

( વસંતતિલકા. )

માછીતણા કર થકી છટક્યું જ ફાળે,
ત્યાં તો પડ્યું કમનશીબથી અન્ય જાળે;
ત્યાંથી છુટ્યું મછ અરે બગથી ગળાણું,
વાંકું વિધિ જવ પ્રયત્ન ન સિદ્ધ જાણું.

बन्धनस्थोऽपि मातङ्गः सहस्रभरणक्षमः ।
अपि स्वच्छंदचारी श्वा स्वोदरेणापि दुःखितः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( દોહરો. )

હાથી બાંધેલો છતાં, પોષે સહસ્ર જન;
યથેચ્છ ભટકે શ્વાન પણ, ચિંતા પેટની મન.

अमितगुणोऽपि पदार्थो दोषेणैकेन निन्दितो भवति ।
निखिलरसायनमहितो गन्धेनोग्रेण लशुन इव ॥

( દોહરો. )

અવગુણ એક થકી અરે, અગણિત ગુણ ઢંકાય;
લસણ રસાયણમાં વડું, ગંધ થકી નિંદાય.

परिहरतु पराङ्गनानुसङ्ग
मिदमति जीवितमस्ति वल्लभं चेत् ।
हरि हरि हरिणीदृशो निमित्तम्
दशदशकंधरमौलयो लुठन्ति ॥

( ઉપજાતિ. )

જો જીવ ભાઇ! કદિ હોય વ્હાલો, પરસ્ત્રી સંગે ન કદાપિ મ્હાલો;
હરી ગયો રાવણ રામ રાણી, થયાં દશે મસ્તક ધૂળધાણી.

भोज्यं भोजनशक्तिश्चरति शक्तिर्वरस्त्रियः ।
विभवो दानशक्तिश्च नाल्पस्य तपसः फलम् ॥

( દોહરા. )

વિવિધ જાતનાં ભોજનો, ભોજન શક્તિ સાથ;
ઉત્તમ યુવતિઓ ઘરે, ભોગશક્તિ સંગાથ.
દાનશક્તિની સાથ છે, લક્ષ્મી પાસ અપાર;
અલ્પ તપતણું ફળ ન એ, જાણો જગ મોઝાર.

સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વ જીવનશક્તિ (Vitality) નો વ્યર્થ વ્યય કરતાં અટકો.

“કરકસર એ બીજો ભાઈ છે” ઉડાઉ ફાટકાવેડા ન કરવા વિગેરે શાણી શિખામણોનો અર્થ-શાસ્ત્રમાં જેમ ઉપયોગ કરીને લક્ષ્મીનો નાહક વ્યય થતો અટકાવવામાં આવે છે તેમ જેના વડે આપણે આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા અને આત્મરમણતા પ્રમુખ સહજ સ્વાભાવિક આત્મસમૃદ્ધિ પ્રાપ્ત કરી તેની રક્ષા તથા પુષ્ટિ કરી શકીએ અને અનેક અજ્ઞાન જીવોને ઉન્માર્ગે જતાં જે જે અનર્થ (દુઃખ) થાય છે તે સારી રીતે નિઃસ્વાર્થપણે સમજાવી, તેમને અસત્ય માર્ગથી પાછા વાળી, સન્માર્ગે જોડી શકીએ તે જીવનશક્તિનું સંરક્ષણ કરવાની આપણી સૌથી અગત્યની ફરજ છે. જેમ અનુકૂળ ખોરાક (ખાનપાનાદિક) વડે શરીરનું આરોગ્ય સચવાય છે અને પ્રતિકૂળ ખોરાકથી શરીરનું આરોગ્ય બગડે છે, જેમ ન્યાય નીતિ-પ્રમાણિકતાભર્યા વ્યાપાર-વ્યવસાય વડે લક્ષ્મીની પ્રાપ્તિ, રક્ષા અને વૃદ્ધિ થઇ શકે છે અને અન્યાય-અનીતિ-અપ્રમાણિક આચરણથી તેનો વિનાશ જ થાય છે તેમ સદ્ભાવનાવાળા પવિત્ર વિચાર, ઉચ્ચાર અને આચાર વડે આપણી જીવનશક્તિનું રક્ષણ અને પોષણ થવા પામે છે, અને તેવીજ રીતે વિરોધી ભાવનાયુક્ત મલીન વિચાર, વાણી અને આચાર વડે તેનો નાશ પણ થાય છે એમ સમજી સુજ્ઞ જનોએ સદાય મૈત્રી, કરૂણા, પ્રમોદ અને માધ્યસ્થ્ય જેવી ઉત્તમ ભાવનાઓ વડે પોતાનાં અંતઃકરણને ભાવિત કરી રાખવું જોઇએ તથા પોતાનાં વિચાર, ઉચ્ચાર અને આચારને પણ જેમ બને તેમ અધિક ઉન્નત બનાવવા પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. જીવનશક્તિને ખીલવવાનો અને તેને સાર્થક કરી લેવાનો એના જેવો સરલ-સુગમ ઉપાય ભાગ્યેજ હોઈ શકે. જેમ જેમ જીવનશક્તિનો સન્માર્ગે વિવેકથી વ્યય કરવામાં આવે છે તેમ તેમ છુપાઇ-ઢંકાઇ-અવરાઇ રહેલી જીવનશક્તિ પ્રગટ થઇ તેમાં વધારો જ થતો જાય છે. જીવનશક્તિ એ સ્વાભાવિક આત્મબળ છે અને જો તેને ખીલવવા-વિકસાવવાની ધર્મ-કળા બરાબર હાથ આવે તો તે શક્તિ અનંત-અક્ષય બનવા પામે છે. સમ્યગ્જ્ઞાન-વિજ્ઞાનકળા, દર્શનકળા અને ચારિત્રકળા એજ ખરી ધર્મકળા છે અને એવી સદ્ધર્મકળા પ્રાપ્ત કરી લેવાનું સૌભાગ્ય કોઈક વિરલાનેજ હોય છે. જેમને એ ઉત્તમ કળા પ્રાપ્ત થયેલ હોય છે તે બહુધા ચંદ્ર, સૂર્ય અને દીપકાદિની પેરે અનેક પ્રાણીવર્ગને ઉપકારક બને છે. તેથીજ એ ઉત્તમ કલા પ્રાપ્ત કરી, તેની યથાર્થ રક્ષા કાળજીપૂર્વક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી, તેનો જેમ બને તેમ અધિક વિકાસ કરવા પ્રયત્ન સેવવો જોઇએ. સમ્યગ્ જ્ઞાનાદિક કળાવડે આત્મબળ વધતું જ જાય છે અને પુષ્ટિ પામેલાં આત્મબળ (પુરૂષાર્થ) વડે ઉક્ત કળા અધિક ખીલતી જાય છે. એ રીતે અન્યોન્યાશ્રય વડે ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થયા જ કરે છે અને છેવટે તે અનંતતાને પામે છે, એટલે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર (સ્થિરતા), અને અનંત વીર્યરૂપ બને છે. સત્ ચિદ્ આનંદ સ્વરૂપી આત્મા એ રીતે સાક્ષાત્ અનંત જ્ઞાન અને સુખનો સ્વામી પોતે બને છે અને પોતાના અમૃતમય ઉપદેશ વડે અનેક ભવ્યાત્માઓને પણ સનાથ કરે છે-કરી શકે છે. એ રીતે સ્વપરને ખરી સ્વાભાવિક સુખશાન્તિ પમાડવાની કળા કેળવવાની આપણને મળેલી અનુપમ અનુકૂળ તક બરાબર સાધી સાર્થક કરી લેવી કેટલી બધી જરૂરની છે તે હવે તમને સહેજે સમજી શકાશે. હીણા-નબળા-મલીન વિચારો, અણુછાજતા અસભ્ય રોષાદિકભર્યાં મલીન વચનો અને વગરવિચાર્યા સ્વપર પ્રાણઘાતક આચરણો વડે મુગ્ધ-અજ્ઞાન જીવો બાપડા પોતાને મળેલી અમૂલ્ય તકને કહો કે સ્વજીવનશક્તિને વ્યર્થ ગુમાવી ઉલ્ટા અધિક દુઃખી બને છે. માટે માદક પદાર્થોનું સેવન (મદ), વિષયાસક્તિ, ક્રોધાદિક કષાય, આલસ્ય અને વિકથાદિકને દૂર તજી, સદ્ધર્મ કળા વડે આપણે સ્વજીવનશક્તિને ખીલવવી ઘટે છે જેથી અંતે અનંત સુખશાન્તિ પ્રસરે. ઇતિશમ્.

લે૦ મુનિ મહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

## સંયમ એજ સુખ-શાન્તિની ખરી ચાવી છે.

કઇક ભોળા લોકો સંયમના નામથીજ ભડકે છે. તેમને સંયમનો ખરો અર્થ સમજાયો હોતો નથી. અથવા સંયમના મિષથી કઇક વખત બગભક્તોનો દંભ જોઇ તેઓ તેથી ઉભગી ગયા હોય છે અથવા તો તેમનો તે તરફ અભાવ પેદા થયેલ હોય છે. પરંતુ જો સંયમનો ખરો અર્થ-પરમાર્થ ઠીક સમજાય અને તેવાજ સાચા સંયમનું યથાર્થ રીતે પાલન કરાતું સાક્ષાત્ જોવાય તો તે સાચા સંયમ પ્રત્યે તેમજ સંયમવંત વ્યક્તિ પ્રત્યે પ્રેમ પ્રગટ્યા વગર રહે નહીં. તેથીજ સંયમનો અર્થ-પરમાર્થ કહેવા પ્રયત્ન કરશું.

ઉક્ત સંયમમાં **સં** અને **યમ** બે પદ છે. સમ્=સમ્યક્-સારી રીતે યમ=નિયમનું પાલન કરવું-હિંસા, અસત્ય, ચોરી, જારી પ્રમુખ પાપકાર્યોનો બને તેટલો પરિહાર (ત્યાગ) કરવો, મન તથા ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો (તેમને ઉન્માર્ગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવા ન દેવા–જતાં અટકાવવા ), ક્રોધ–રોષ, માન–અહંકાર, માયા–કપટ અને લોભ ( અથવા રાગ અને દ્વેષ ) રૂપ ચંડાળોથી ચેતતા રહેવું ( તેમનો સંગ ન કરવો ), તથા મન, વચન અને કાયાને કબજામાં ( અંકુશમાં ) રાખવા પ્રયત્ન કરવો તેનું નામ સંયમ. શુદ્ધ પ્રેમ–દયા, સત્ય, પ્રમાણિકતા અને શીલ–સંતોષાદિકનું સતત સેવન કરવાથી, ક્ષણિક અને અશુચિ ભરેલા જડ વસ્તુ સંબંધી વિષયભોગની અસારતા સમજી અને તેની ઉપેક્ષા કરી આત્માના સહજ સ્વાભાવિક સત્ ચિદ્ આનંદ મેળવવા ખરા નિસ્પૃહી જ્ઞાની ગુરૂની ખરા દીલથી સેવા–ઉપાસના કરવાથી, ક્ષમા–સમતા, મૃદુતા–નમ્રતા, ઋજુતા–સરલતા અને સંતોષાદિક સદ્‌ગુણો સારી રીતે આદરવાથી તથા વિચાર, વાણી અને આચારમાંની મલીનતા ટાળી શુદ્ધિ કરવાથી સંયમની પ્રાપ્તિ, રક્ષા અને અભ્યાસ બળથી વૃદ્ધિ થાય છે. એજ સુખ–શાન્તિ પ્રાપ્ત કરવાની, તેને ટકાવી રાખવાની તેમજ તેની અભિવૃદ્ધિ કરવાની ખરી ચાવી છે અને તેથીજ તે દરેક ભવ્ય આત્માએ અવશ્ય આદરવા યોગ્ય છે.

પૂર્વોકત હિતકારક–સુખદાયક સંયમમાર્ગનો અનાદર કરી જીવ જો સ્વચ્છંદપણે હિંસા, અસત્ય, ચોરી, જારી પ્રમુખ પાપ માર્ગમાંજ રચ્યોપચ્યો રહે, મનગમતા શબ્દાદિક વિષયમાં રાગ–આસક્તિ અને અણગમતા વિષયો પ્રત્યે દ્વેષ–અરૂચિ કરતો રહે, ક્રોધાદિક કષાય અગ્નિને ઠારવા–શાન્ત કરવાને બદલે તે પ્રબળ થાય તેવાં આચરણ કર્યા કરે અને મન, વચન તથા કાયાને કહો કે વિચાર, વાણી અને આચારને શુદ્ધ–પવિત્ર બનાવવાને બદલે મલીન બનાવતો રહે તો તે અસંયમવડે પરિણામે દુઃખ અને અવનતિમાં જ આવી પડે. સર્વે જીવનું હિતચિન્તવન કરવું, દુઃખી જનનાં દુઃખ દૂર કરવા આપણાથી બનતું કરવું, સુખી કે સદ્‌ગુણીને દેખી કે સાંભળીને રાજી ખુશી થવું અને પાપી પ્રાણી ઉપર પણ દ્વેષ નહીં કરતાં બની શકે તો તેને સુધારવા ( નિષ્પાપી બનાવવા ) પ્રયત્ન કરવો એ આપણી પવિત્ર ફરજ સમજાવી જોઇએ. તેને બદલે અન્યનું અનિષ્ટ–અહિત ચિન્તવીએ, દુઃખીની ઉપેક્ષા કરીએ અથવા તો તેના તરફ દ્વેષ–અરૂચિ–ખેદ–તિરસ્કાર બતાવી દુઃખમાં ઉમેરો જ કરીએ, સુખી કે સદ્‌ગુણીની ઇર્ષ્યા–અદેખાઇ–અવજ્ઞાજ કરીએ અને પાપી નીચ નિન્દ્ય કામ કરનાર સાથે પ્રીતિ બાંધી પાપાચરણને પુષ્ટિ આપીએ એ બધાં અસંયમવડે સુખ–શાન્તિ પામી ન જ શકીએ, એ સ્પષ્ટ સમજી સંયમ સેવવો.

લે૦ મુનિ મહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સત્સંગ કરવાથી થતા અનેક ઉત્તમ લાભ.

સંત-સુસાધુ જનોની સંગતિ કલ્પવેલીની પેરે કયા કયા ગુણ-લાભની પ્રાપ્તિ નથી કરાવતી ? કલ્પવેલી કેવળ ઐહિક આ લોક સંબંધી સુખલાભની પ્રાપ્તિ કરાવે છે, ત્યારે સંતસેવા-ભક્તિરૂપ અપૂર્વ કલ્પવેલી અલૌકિક અગણિત સુખ સંપદાની પ્રાપ્તિ અને વૃદ્ધિ માટે થાય છે. તે કંઈક કાળના પુરાણા પાપ સમૂહનો નાશ કરે છે, જેથી આત્માની કઇંક પ્રકારની મલીન વાસનાઓ વિલય પામે છે અને શુભ વાસનાઓ જાગૃત થાય છે; સુકૃત્યની વૃદ્ધિ કરે છે-કલ્યાણ પરંપરાનો જમાવ કરે છે; જેથી જીવને સર્વત્ર સુખશાન્તિનો જ અનુભવ થાય છે; સુબુદ્ધિ જગાડે છે અને કુબુદ્ધિ ટાળે છે, જેથી જડતા (ભ્રમ-વિભ્રમાદિક) દૂર થતાં ગમે તેવા પ્રસંગમાં લગારે મુંઝાયા વગર સત્ય દિશાનું શીઘ્ર ભાન થાય છે અને તેમાં અસ્ખલિત પ્રયાણ થઇ શકે છે; વળી તે નવી નવી રૂડી વિજ્ઞાન-કલા પ્રગટાવે છે, જેથી કોઇ પણ સ્થળે પરાભવ નહીં પામતાં સર્વત્ર જયલક્ષ્મી પ્રાપ્ત થાય છે; અજ્ઞાન-મિથ્યાત્વ અંધકાર દૂર કરી જ્ઞાન-પ્રકાશ પ્રસારે છે, જેથી સ્વાત્મગત અનંતવીર્ય-શક્તિનું યથાર્થ ભાન-શ્રદ્ધા પ્રગટ થતાં, સ્વવીર્યશક્તિનો ઉપયોગ ઉત્તમ પ્રકારના સંયમ-યોગનું યથાર્થ પાલન કરવા વડે અનંતી આત્મઋદ્ધિ સંપાદન અર્થે કરી લેવામાં આવે છે. આ રીતે સંત-સુસાધુ જનોની સેવા-ભક્તિ-ઉપાસના અકૃત્રિમ (સાચા-સ્વાભાવિક) સુખના અર્થી મુમુક્ષુ જનોને છેવટે અક્ષય અનંત અવિનાશી સુખ-શાન્તિ આપવા સમર્થ બને છે. ઇતિશમ્.

લે—મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# દ્રવ્ય-ભાવ તીર્થસેવાનું અનુપમ ફળ.

શત્રુંજય, ગિરનાર, અર્બુદાચળ, અષ્ટાપદ અને સમેતશિખરાદિક **સ્થાવર તીર્થો** લેખાય છે, જ્યારે ક્ષમા-દયાદિક અનેક ગુણોથી અલંકૃત થયેલા ઉત્તમ ગણધરાદિક સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ **જંગમ તીર્થરૂપ** કહેવાય છે ઉક્ત ઉભય તીર્થને સ્થાપનારા (પ્રવર્તાવનારા) અસાધારણ ગુણ-શક્તિને ધારણ કરનારા **તીર્થંકરો** હોય છે. ઉક્ત ઉભય તીર્થનું તેમજ તીર્થંકર ભગવાનનું યથાર્થભાવે સેવન કરનારા ભવ્ય જનો અનુક્રમે ઉત્તમ પ્રકારના જ્ઞાન વૈરાગ્ય (સંયમ-યોગ) ને પામી સહજમાં આ ભવસાગરને તરી જાય છે.

તીર્થભૂમિમાં ઉત્તમ પ્રકારનું વાતાવરણ બંધાયલું રહે છે, તેના સંગથી મલીનતા દૂર થાય છે અને અંતઃકરણ પવિત્ર બને છે. અઘોર પાપ કરનારા પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવિત્ર તીર્થસેવનથી સકળ પાપથી મુકત થઇ અંતે પરમાનંદ પદ પામી શકે છે. શ્રી શત્રુંજય તીર્થની સેવાથી કંડુ રાજા જેવા ( પાપી-નિર્દયી ) જીવો પણ તરી ગયા છે. તીર્થસેવાથી **મહીપાલ** કુમારની પેરે દ્રવ્યભાવ રોગથી મુકત થઇ શકાય છે.

"શ્રી તીર્થરાજની યાત્રા કરનારા યાત્રિક જનોની રજનાસ્પર્શથી પવિત્ર થવાય છે, તીર્થઅટન કરવાથી ભવભ્રમણ કરવું પડતું નથી. તીર્થભૂમિમાં ઉદાર દીલથી દાન દેવાથી લક્ષ્મી સ્થિર થાય છે અને જિનેશ્વર દેવની પૂજા-અર્ચા કરવાથી પોતે પૂજનિક થાય છે."

'અન્ય સ્થાને કરેલાં પાપ તીર્થસ્થાને (તપ જપ વ્રત નિયમ કરવાથી) છુટી શકે છે, પરંતુ તીર્થસ્થાને ( સ્વેચ્છાચારથી ) કરેલાં પાપ વજ્રલેપ થાય છે' એમ સમજી સર્વ આશાતના તજી વિધિપૂર્વક તીર્થસેવા કરવી ઘટે છે. ઇતિશમ્.

લે—મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# મિથ્યાત્વના ચાર ભેદ.

૧ **પ્રવર્તન મિથ્યાત્વ**—લૌકિક તેમજ લોકોત્તર મિથ્યાત્વ સંબંધી કરણી કરે-રાગ દ્વેષાદિકથી અભિભૂત (વ્યાપ્ત) લૌકિક દેવ ગુરૂની સેવા કરે તે લૌકિક તેમજ વીતરાગ દેવ ગુરૂ ધર્મની તુચ્છ આશંસા રાખીને સેવન કરે તે લોકોત્તર મિથ્યાત્વ તજવા યોગ્ય છે. વ્યવહાર સમકિતના સેવનથી તે સુખે તજી શકાય છે.

૨ **પ્રરૂપણા મિથ્યાત્વ**—સત્યથી વિપરીત અસત્ય માર્ગ અન્ય મુગ્ધ જનોને સમજાવી તેમને ઉન્માર્ગે દોરવી જવા રૂપ પ્રરૂપણા મિથ્યાત્વ પણ વ્યવહાર સમકિતની પ્રાપ્તિ થતાં દૂર થઇ શકે છે-દૂર થાય છે.

૩ **પરિણામ મિથ્યાત્વ**—સર્વજ્ઞ અને સર્વદર્શી વીતરાગકથિત તત્ત્વ વચનોને યથાર્થ નહીં માનવા રૂપ મિથ્યાત્વ-વિપરિત બુદ્ધિ ( વાસના ) અવશ્ય તજવા યોગ્ય છે. વીતરાગ કથિત તત્ત્વને યથાર્થ જાણી તેના ઉપર દૃઢ પ્રતીતિ ( આસ્થા ) રાખવાથી તે દૂર થઈ શકે છે. સદ્વિવેક રૂપ રત્નદીપક હૃદયમંદિરમાં પ્રગટવાથી અજ્ઞાન-મિથ્યાત્વ રૂપ અંધકાર સહેજે નાશી જાય છે.

૪ **પ્રદેશ મિથ્યાત્વ**—અનંતાનુબંધી કષાયાદિક મોહનીય કર્મની સાત પ્રકૃતિ સત્તામાં રહેલી હોય તે પ્રદેશ મિથ્યાત્વ તો ક્ષાયક સમકિત આત્મામાં પ્રગટ થયાથી દૂર થઇ શકે છે. મિથ્યાત્વ રૂપી મહાશલ્ય, મહા વિષ, મહાવ્યાધિ અને મહા આપદા દૂર કરવા સિદ્ધ ઔષધી રૂપ સમ્યકત્વ ( સમકિત ) સંજીવની સદ્દગુરૂ પાસેથી પ્રાપ્ત કરી કૃતાર્થ થવું. ઇતિશમ્.

લે—મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સદ્ગુરૂ—સત્સંગમહિમા

૧ સદ્ગુરૂની કૃપાથી જડ જેવો શિષ્ય જ્ઞાની–પંડીત બનીને પોતે કલ્યાણ-ભાગીથાય છે અને અન્યને પણ સદ્ભાગી કરે છે.

૨ મલયની સુવાસથી અન્ય રૂખડાં ( વૃક્ષો ) પણ ચંદન રૂપ બની જાય છે તેમ શુદ્ધચારિત્રસંપન્ન સદ્ગુરૂના સંગથી મલીન વાસનાવાળા જીવો પણ સુધરી સુવાસિત થાય છે.

૩ પારસમણિના સંગથી જેમ લોહ સુવર્ણ થઇ જાય છે તેમ સંત–મહાત્માના સમાગમથી ( તેમના પ્રસાદથી ) જીવનું કલ્યાણ થઇ જાય છે.

૪ વેધક રસના સ્પર્શથી જેમ તાંબુ સુવર્ણ રૂપ થાય છે તેમ સંત–સુસાધુ જનની સેવા–ભક્તિથી ભકતોનું કલ્યાણ થાય છે.

૫ મેરૂ ( સુવર્ણગિરિ ) ઉપર ઉગેલું તૃણ પણ સુવર્ણતાને પામે છે તેમ સત્સંગના પ્રભાવથી જીવનું સદ્ભાગ્ય જાગે છે.

૬ ગમે તેવાં મલીન ( મેલાં ) પાણી પણ ગંગા નદીમાં ભળવાથી ગંગાજળ તરીકે મનાય છે–સેવાય છે તેમ સત્સંગના પ્રભાવથી ગમે તેવા હીનાચારી પણ સુધરી સદાચારી બને છે.

૭ જળબિંદુ સમુદ્રમાં ભળવાથી જેમ અક્ષય થાય છે તેમ સંતચરણમાં આત્માર્પણ કરવાથી તદ્રુપ થવાય છે.

૮ જેમ ભમરીના ચટકાથી એળ ઇયળ ભમરી રૂપ બની જાય છે તેમ સંત પ્રત્યેના નિઃસ્વાર્થ પ્રેમથી સંતરૂપ થવાય છે.

૯ સ્વાતિનું જળ છીપલીના સંગથી સાચા મોતી રૂપ થાય છે તેમ સંત પ્રત્યે સાચા હૃદયની પ્રીતિ–ભક્તિથી જડતા દૂર થઇ જાય છે અને આત્મા સદ્ગુણમય અમર બની જાય છે.

૧૦ જેમ જાંગુલી મંત્રથી વિષધરાદિકનું વિષ ઉતરી જાય છે તેમ સંત–સાધુ જનોની ધર્મ–આશિષવડે દારિદ્ર–દુઃખ દૂર થઇ જાય છે અને નવજીવન પ્રગટે છે.

૧૧ સંત મહાત્મા ધર્મ–દેવ હોઇ સદાય સેવવા યોગ્ય છે.

લે–મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઉદ્યોગપરાયણતા.

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ.

उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मीः दैवेन देयमिति कापुरुषा वदन्ति ।
दैवं निहत्य कुरु पौरुषमात्मशक्त्या यत्ने कृते यदि न सिध्यति कोऽत्र दोषः ॥

આ જીવન એક વિચિત્ર અને ગહન વસ્તુ છે. એને સંપૂર્ણતઃ જાણવાનું અથવા સમજવાનું કાર્ય અત્યંત કઠિન છે. જીવનમાં કયી કયી વસ્તુઓ ઉચિત છે, કયી વસ્તુઓ અનુચિત છે, એનો શું આદિ છે અને શુ અંત છે વિગેરે મહત્વના પ્રશ્નોનું નિરાકરણ મહાન્ ધુરંધર જ્ઞાની પુરૂષો પણ એક રૂપથી કરી શકયા નથી. અનેક વિદ્વાન્ પુરૂષો ભ્રમણામાં પડીને નાસ્તિક બની ગયા છે. જો કે અનેક વિદ્વાન્ પુરૂષોએ ફકત વિષયોનો વિચારપૂર્વક અભ્યાસ કરવામાં વર્ષોનાં વર્ષો વ્યતીત કર્યા છે તથાપિ ઘણી બાબતો એવી હોય છે કે જેનો પત્તો પણ લાગતો નથી. સત્યનું શોધન કરવામાં લોકો અત્યંત પરિશ્રમ વેઠે છે, પરંતુ એ શોધનું છેવટ એટલુંજ આવે છે કે વસ્તુતઃ શું હકીકત છે તેનું ખરૂં સ્વરૂપ સમજવામાં આવી શકતું નથી.

કોઇ કોઇ વખત મનુષ્યને એટલી બધી નિરાશા ઉપજે છે કે તે ચારે તરફ અંધકાર જ જુએ છે. કોઇ વખત સંદેહનું વાદળું એટલું બધું છવાઇ રહે છે છે કે તેને પદાર્થોનાં સ્વરૂપમાં પણ વિશ્વાસ નથી રહેતો અને તેના મનમાં નાના પ્રકારની પ્રશ્નપરંપરા ઉઠવા લાગે છે. તે કહેવા લાગે છે કે “ આ સઘળી માયાજાળ છે. કોઇ જીવાત્મા નથી વા કોઇ પરમાત્મા નથી. સ્વર્ગ નથી તેમજ નરક નથી. લોક પરલોક આદિ શબ્દમાત્ર છે. દયા અને ન્યાય જેવી વસ્તુ વાસ્તવિક રીતે છે જ નહિ આખો સંસાર માયાથી પૂર્ણ છે. કોઇ સુખી છે, તો કોઇ દુઃખી છે; કોઇ રાજા છે, તો કોઇ રંક છે. કોઇ જુઠું બોલે છે, ચોરી કરે છે છતાં સુખી જીવન ગાળતા માલુમ પડે છે. કોઇ સત્યવાદી છે, નીતિમાન જીવન ગુજારે છે છતાં દુઃખપીડિત દશા અનુભવે છે. સત્પુરૂષો યૌવનકાળમાં જ કાળના કોળીયા બની જાય છે અને દુર્જનો દીર્ઘાયુષ્ય ભોગવતા જોવામાં આવે છે. આમ હોવાથી સંસારમાં રહીને કંઇ કાર્ય કરવું વ્યર્થ છે. ”

ખરેખરી રીતે જોતાં આ સર્વ એવી બાબતો છે કે જેનો તાત્કાલિક ઉત્તર આપવો કઠિન છે. સંસારમાં જેટલા મતમતાંતરો છે તે સર્વ આ પ્રશ્નોના ભિન્ન ભિન્ન પ્રકારના ઉત્તરો આપે છે અને એ કારણથી જ અનેકાનેક મતમતાંતરો ઉત્પન્ન થયા છે જે જે તત્વવેત્તાઓએ એ સર્વ પ્રશ્નોપર વિચારો કર્યા છે તે સહુએ પૃથક્ પૃથક્ રૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પથી એના ઉત્તર આપ્યા છે અને પોતાના ઉત્તરને યથાસંભવ યુકિતઓથી સિદ્ધ કર્યા છે. હવે આ સ્થળે આપણું કાર્ય તેઓના સિદ્ધાંતો ઉપર વિચાર કરવાનું છે. જે જે બાબતોનો આપણો અંતરાત્મા સ્વીકાર કરે અને જે આપણને યુકિતપુરઃસર જણાય તે સઘળી બાબતો પર વિશ્વાસ રાખી આપણે જીવનનાં કાર્યક્ષેત્રમાં પ્રવેશ કરવો જોઇએ. જીવન નિઃસાર વસ્તુ નથી. મહા મુશીબતે માનવજીવનની પ્રાપ્તિ થાય છે. તેથી આવું અમૂલ્ય માનવજીવન નિરાશામાં ગુમાવી દેવું જોઇએ નહિ. આપણે હમેશાં યથાશક્તિ ઉદ્યોગ કરતા રહેવું એ આપણું પ્રથમ કર્તવ્ય છે. પ્રત્યેક મનુષ્યે આવો નિશ્ચયાત્મક સંકલ્પ કરી લેવો જોઇએ કે–' હું ઉત્તમ કાર્યોની ખાતર યથાશક્તિ નિરંતર ઉદ્યોગ કરીશ અને મારા પોતાના હૃદયના પ્રકાશને હમેશાં વધારતો રહીશ. કદાચ મને સ્વીકૃત કાર્યમાં નિષ્ફળતા મળે તો પણ હું મારા કર્તવ્ય કર્મથી લેશમાત્ર ચ્યુત થઇશ નહિ અને **अङ्गीकृतं सुकृतिनः परिपालयन्ति॥** એ સૂક્તને યથાર્થ રીતે અનુસરીશ. કદાપિ મારા માર્ગમાં ભય, દુઃખ અને શોકના પ્રસંગો ઉપસ્થિત થાય તો પણ હું અધીરો બની જરા પણ ગભરાઇ જઇશ નહિ.' જે મનુષ્યો આપત્તિના કઠિન પ્રસંગોની સામે થઇને યથાશક્તિ હમેશાં પોતાનું કાર્ય કર્યે જાય છે, ભૂત ભવિષ્યની ચિંતા કરતા નથી, કાર્યોના સારા વા નરસા પરિણામને લઇને પોતાના માર્ગથી વિચલિત થતા નથી તે જ મનુષ્યોને શાંતિદેવીનો સંપૂર્ણ સાક્ષાત્કાર થાય છે. અર્થાત્ તેઓ જ પૂર્ણરૂપથી શાંતિ અનુભવી શકે છે. આવા મનુષ્યો તો ચિત્તમાં શાંતિ રાખી એમજ વિચાર કરે છે કે ' હું મારી પોતાની શકિત અનુસાર કાર્ય કરૂં છું; પછી પરિણામ જે આવવું હોય તે આવે.

' મારે યથાશકિત પ્રયત્ન સદા કરવો જોઇએ ' એ સંકલ્પને પોતાનાં જીવનનો આધાર બનાવીને એના ઉપર મનુષ્ય પોતાના મત યા દર્શનનો પ્રબંધ રચે છે. ફકત એટલીજ જરૂર છે કે આ જીવનને વાસ્તે જે જે સામગ્રી એકત્રિત કરી હોય તેમાં પોતાની શકિત અને અનુભવને સંપૂર્ણતઃ લગાવી દેવા જોઇએ. આમ કરવું એ કોઇ મતથી પ્રતિકૂળ નથી, તેમજ કોઇ ધર્મમાં બાધક ગણાતું નથી; પરંતુ જે સમયે જીવનસંગ્રામમાં કઠિનતાઓ ઉપસ્થિત થાય છે તે સમય અત્યંત ઉપયોગી તેમજ લાભદાયી ગણાય છે.

અત્ર એક વાત ખાસ લક્ષમાં રાખવા લાયક છે. તે એ છે કે કેવળ વિચારોથી કામ ચાલી શકતું નથી. જ્યાં સુધી વિચારોને કાર્યનું રૂપ આપવામાં આવતું નથી ત્યાં સુધી એકલા વિચારો નિરર્થક છે જ્યાં સુધી મનુષ્ય અમુક નિયમને પોતાનો બનાવી લેતો નથી અથવા પ્રતિદિન વ્યવહારમાં યોજતો નથી ત્યાં સુધી ઉકત નિયમ ઉપયોગી થઇ શકતા નથી. જ્યાંસુધી વિચારરૂપી બીજમાંથી કાર્યરૂપી ફળફુલની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી વિચાર વ્યર્થ છે. આ એક સર્વના અનુભવની વાત છે કે જો આપણે બેઠાં બેઠાં વિચારો કર્યા કરીએ કે શસ્ત્રનો ઉપયોગ આમ કરવો જો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇએ અને તેમ કરવો જોઇએ, પરન્તુ શસ્ત્રને હાથમાં કદિ પણ ન લઇએ, તો રણસંગ્રામમાં કદાપિ સફલતા મળી શકતી નથી.

જે મનુષ્ય શુદ્ધ હૃદયથી પ્રત્યેક કાર્ય યથાશકિત ઉદ્યોગપૂર્વક કરવાની ઈચ્છા રાખે છે તેનાં જીવનમાં આ વાત પ્રતિપલ પ્રકટ થયા કરે છે. તુચ્છમાં તુચ્છ કાર્યમાં પણ પૂર્ણ ઉદ્યોગની આવશ્યકતા છે. સહુ કોઇ જાણે છે કે સૂર્ય કેવળ મોટી વસ્તુઓ પર પ્રકાશતો નથી; પરંતુ જમીન ઉપર પડેલી નજીવી વસ્તુઓ ઉપર તેમજ મોટા પર્વતોના શિખરો ઉપર સરખી રીતે તેનો તેજસ્વી પ્રકાશ પડે છે. જે રાસાયણિક ગુણ સમુદ્રનાં સંપૂર્ણ પાણીમાં રહેલો છે તે પાણીનાં એક બિંદુમાં પણ રહેલો છે. એ મુજબ કાર્ય કરતી વખતે આપણે એમ વિચાર ન કરવો જોઈએ કે આ કામ નજીવું છે, તેથી તેમાં વધારે ધ્યાન આપવાની જરૂરીયાત નથી. ન્હાનાં મોટાં સર્વ કાર્યો યથાશક્તિ ઉત્તમ રીતિથી કરવાં જોઇએ. કોઇ પણ કાર્ય ગમે તેટલું ન્હાનું હોય તો પણ તે હમેશાં ઉત્તમ રીતે કરવું જોઇએ. કદાચ કોઇ કાર્ય હલકું હોય તો પણ આપણું હૃદય તેમાં પુરેપુરૂં લગાવીને તેને ઉચ્ચ કોટિનું બનાવવા પ્રયત્નો કરવા જોઈએ.

નજીવી વાતો તરફ બેદરકારીથી દુર્લક્ષ રહેવું તે કદી પણ યોગ્ય નથી. ન્હાનાં ન્હાનાં કાર્યો તરફ આપણે બેદરકાર રહેશું તો મોટાં મોટાં કાર્યોમાં કદિ સફળતા મળી શકશે નહિ. મોટાં કાર્યો સારી રીતે કરવા માટે એ જરૂરનું છે કે આપણે ન્હાનાં કાર્યો સારી રીતે કરવા જોઇએ. કોઇ પણ કાર્ય જેવું થવું જોઇએ તેવું જ્યાં સુધી થાય નહિ ત્યાં સુધી મનુષ્યે સંતુષ્ટ થવું જોઈએ નહિ. અત્ર એટલું સ્મરણમાં રાખવાનું છે કે જે કાર્ય કરવા યોગ્ય હોય છે તે અવશ્યમેવ સારૂં કરવાને યોગ્ય હોય છે.

જે મનુષ્ય હમેશાં યથાશક્તિ ઉત્તમ રીતિથી કાર્ય કરવામાં ઉદ્યોગપરાયણ રહે છે તે તીક્ષ્ણબુદ્ધિ અને ચાલાક બને છે. નજીવી વાતોમાં પણ તે પોતે ધ્યાન રાખતા શીખે છે. જગતના લોકો પોતાનું કાર્ય જોઇને શું કહેશે તેની તે દરકાર રાખતો નથી; પરંતુ તે તો એકજ વાત ધ્યાનમાં રાખે છે કે જે કાર્ય હું કરૂં છું તે પોતાને કરવા યોગ્ય છે કે નહિ. બીજા લોકો પોતાનાં કાર્ય વિષે કેવા વિચારો બાંધે છે તેની મુંઝવણમાં જે મનુષ્ય પડે છે તે કંઇ પણ કરી શકતો નથી અને તેને કદિ શાંતિ પણ મળી શકતી નથી. સામાન્ય જનસ્વભાવ જ એવો છે કે આપણે સારામાં સારૂં કાર્ય કરશું તો પણ લોકો તેમાં કાંઇને કાંઇ દોષ શોધી કાઢવા મથવાના. કાર્યનાં પ્રમાણમાં બીજા લોકોનો વિરોધ હોય છે જ. જો આપણે આ વિરોધનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણથી કાર્ય કરવાનું તજી દઈએ તો કંઇ પણ કાર્ય થઇ શકતું નથી. આથી જ મનુષ્યે એટલું જ કરવું ઉચિત છે કે પોતાનું કાર્ય સારૂં, ઉપયોગી અને યોગ્ય છે કે નહિ એટલોજ તેણે વિચાર કરવો જોઇએ. આપણો અંતરાત્મા સાક્ષી પુરે કે અમુક કાર્ય સારૂં છે, કરવા યોગ્ય છે, તો પછી જગતના વિરોધની લેશ પણ પરવા કરવાની જરૂર નથી. નિઃશંક બનીને આપણે આપણાં કાર્યમાં તત્પર બનવું જોઇએ.

ન્હાની ન્હાની વાતોમાં ધ્યાન રાખવાથી જ મનુષ્ય મોટી વાતોમાં સાવધાન રહેતા શીખી શકે છે. જે મનુષ્યની હમેશની વાતચીતમાં બેદરકારી જોવામાં આવે છે, જે જરા વાત કરવામાં પણ અચકાય છે અને ભૂલો કરે છે તે મનુષ્યમાં વકતૃત્વ ખીલે એવી કદાપિ આશા રાખી શકાતી નથી. જે મનુષ્ય પ્રત્યેક વાતમાં ઉત્તમતા દર્શાવે છે તેજ મનુષ્ય પોતાનું જીવન ઉત્તમ રીતિથી વહન કરી શકે છે. કોઇ માણસના વિષે એમ કહેવામાં આવે કે તે પોતાનું કાર્ય ઉત્તમ રીતિથી કરે છે તો તેનો અર્થ એમ છે કે તે પોતાની ચિત્તવૃત્તિઓને કાર્યમાં ઘણી સારી રીતે પરોવી શકયો છે અને પોતાનાં જીવનને ઉપયોગી બનાવી શકયો છે. આવા મનુષ્યમાં કૃત્રિમતાનો લેશ પણ આભાસ હોતો નથી. માનસિક અને શારીરિક શક્તિઓનો સદુપયોગ એજ શિક્ષણનો વાસ્તવિક હેતુ છે. ઉકત મનુષ્યમાં એ બન્ને શક્તિઓ પોતાનાં કાર્યો સારી રીતે બજાવતી હોય છે. આવો માણસ કોઈ પણ વાત જાણવા માત્રથી સંતોષ માનતો નથી, પરંતુ જો તે સારી હોય છે તો તે તેનું તત્કાળ ગ્રહણ કરી લે છે.

કેટલાક મનુષ્યો દૈવપર અનુચિત વિશ્વાસ રાખીને પોતાની જાતને તુચ્છ અને અયોગ્ય બનાવી મુકે છે. તેઓ એમ સમજે છે કે અમુક મનુષ્ય સુખી છે અથવા તો આનંદમાં છે તેનું કારણ એ છે કે તેનું ભાગ્ય સારૂં છે. તે પોતે ઉદ્યોગ કરતો નથી; પરંતુ એમ જ સમજે છે કે મારૂં ભાગ્ય જ ખરાબ હોવું જોઇએ કે જેથી મને મારાં કાર્યમાં સાફલ્ય મળ્યું નહિ. તે પોતાનાં જીવનની લગામ કેવળ ભાગ્ય ઉપર જ છોડી દે છે. તેને એમ ખબર નથી હોતી અથવા તે વિચાર પણ નથી કરતો કે બીજાની સફલતાનું કારણ તેનું ભાગ્ય નહિ, પરંતુ તેની દૃઢતા, વીરતા, એકાગ્રતા અને કાર્ય તત્પરતા છે. વળી તે મસ્તદશામાં પડયો રહી સમયનો પણ કંઈ વિચાર કરતો નથી. તે તો એવા વિચારોમાં મગ્ન રહે છે કે 'જે ભાગ્યમાં લખ્યું હશે તે ઘરે બેઠા મળી રહેશે. પાતાળમાંથી નીકળીને લક્ષ્મી સ્વયં ચાલી આવશે.' આવા મનુષ્યોને સંસારમાં કદિ પણ સફલતા મળી શકતી નથી. તેઓ દિવસાનુદિવસ આળસુ, નિરૂદ્યમી અને સાહસહીન બનતા જાય છે, અને ધીમે ધીમે બીજા લોકોની ઇર્ષ્યા કરવા અને તેઓની સાથે દ્વેષથી વર્તવા લાગે છે. આવા મનુષ્યો સંસાર અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાજને ભારરૂપ લેખાય છે. જે દેશમાં આવા લોકો મોટા પ્રમાણમાં વસતા હોય છે તે દેશ સમય જતાં રસાતળ જાય છે એ નિર્વિવાદ છે. જે દેશના મનુષ્યો સાહસિક વૃત્તિવાળા, પરિશ્રમી અને ઉદ્યોગી હોય છે તે દેશ અલ્પ સમયમાં ઉન્નતિના શિખરે પહોંચી શકે છે. જયારથી ભારતવાસીઓ પુરૂષાર્થની અવજ્ઞા કરવા લાગ્યા અને પુરૂષાર્થહીન બની દૈવ ઉપર અંધ વિશ્વાસ રાખવા લાગ્યા ત્યારથી ભારતવર્ષની પતિત અવસ્થાનો આરંભ થયો છે એ વાતની ના પાડી શકાય તેમ નથી.

ખરેખરા ઉદ્યોગપરાયણ મનુષ્યો કદિ પણ હતોત્સાહ બનતા નથી. તેઓ નિષ્ફળતાને ભાગ્યજન્ય સમજતા નથી, પરંતુ સફલતાનું કારણ માને છે. ' નિષ્ફલતામાં જ સફલતા રહેલી છે ' એ વચન ઉપર તેઓને સંપૂર્ણ પ્રતીતિ હોય છે; અને તેથી જ તેઓ નિષ્ફલતા અને મુશ્કેલીઓની લેશ પણ પરવા કરતા નથી. પરંતુ પુનઃ પુનઃ યથાશક્તિ પરિશ્રમ અને ઉદ્યોગ કર્યા કરે છે. ઉદ્યોગની સામે સફલતા હાથ જોડીને ઉભી રહે છે. આજે સફલતા ન મળી તો કાલે પુનઃ ઉદ્યોગ કરવો; એટલું તો ચોક્કસ છે કે પરિશ્રમ અને ઉદ્યોગ બરાબર રીતે સતત કરવાથી કોઈ ને કોઇ દિવસે સફલતા અવશ્ય મળશે જ. જો મનુષ્ય યથાશક્તિ ઉદ્યોગ કરે અને હમેશાં નવીન શક્તિ તથા નવીન ઉત્સાહપૂર્વક કામ કરે તો સફલતા ન મળે એ વાત અસંભવિત છે. એક વિદ્વાનનું કથન છે કે " સફલતા વા નિષ્ફલતાનો બિલકુલ વિચાર ન કરો, યથાશક્તિ ઉદ્યોગ યાને પુરૂષાર્થ કર્યા કરો અને પોતાની શક્તિઓનો સદુપયોગ કરતા રહો. નિરંતર ઉદ્યોગપરાયણ રહેવામાં સફલતા રહેલી જ છે. "

સફલતા પ્રાપ્ત કરવાનું કાર્ય કઠિન છે એ વાત નિઃસંદેહ છે. પરંતુ લોકો માને છે તેટલું તે કઠિન નથી. ઘણા મનુષ્યો એવા હોય છે કે જેઓને પ્રત્યેક કાર્યમાં સંદેહ રહે છે. તેઓ સદા એવું કહે છે કે સફલતા મળશે એવી કોઇ ખાતરી આપે તો કાર્ય થઇ શકે. તેઓને એવો ભય પણ રહે છે કે કદાચ અમારા કામની કોઈ કદર ન કરે. આવા મનુષ્યોનું જીવન કદાપિ ઉત્તમ કોટિનું કહી શકાતું નથી. તેઓ પોતે પોતાની ઉન્નતિ સાધવામાં મુશ્કેલીઓ ઉભી કરે છે. પોતાનાં આલસ્યને લઇને કાર્ય ન કરવાનાં ખોટાં બ્હાનાં બતાવ્યા કરે છે. આ પ્રકારે તેઓનું બળ દિવસે દિવસે ઘટતું જાય છે અને અંતે એક પણ ઉપયોગી કાર્ય તેઓ કરી શકતા નથી. પ્રત્યેક મનુષ્યે યુકિતપુરઃસર કાર્ય કરવાની પોતામાં શકિત ઉત્પન્ન કરવાની ખાસ જરૂર છે.

મનુષ્યોમાં આત્મનિર્બલતા ઉત્પન્ન થવાનું એક એ પણ કારણ છે કે તેઓમાં વૃદ્ધાવસ્થાના વિચારો ઉત્પન્ન થાય છે. તેઓ એમ વિચારે છે કે હવે તો અમે વૃદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બની ગયા અને તેથી કાંઇ કરી શકવાના નથી. હવે તો બીજા જન્મમાં કરશું. આ વૃદ્ધાવસ્થાના ભયથી આત્મવિશ્વાસ ન્યૂન થઇ જાય છે. કદિ કોઇ તેઓને ઉન્નતિ સાધવાનું કહે તો વૃદ્ધાવસ્થાથી ડરનારા મનુષ્યો કહેવા લાગે છે કે “ભાઇ, તમારૂં કહેવું યથાર્થ છે. અમને અમારી ઉન્નતિ સાધવાની ઇચ્છા થાય છે, પરંતુ હવે તે વાત બાળકોને માટે વધારે ઉપયોગી થઇ પડશે. અમારી વિદ્યાર્થી અવસ્થામાં જો તે વાત તમે કરી હોત તો તે દિશામાં પ્રયત્ન થઇ શકત. હવે તો અમારા કેશ સફેત થઇ ગયા અને તેથી અમારે માટે તો તેમ કરવાનો સમય ચાલ્યો ગયો છે. યુવાવસ્થામાં જ જે કાર્ય કરવું હોય છે તે થઇ શકે છે.” પરંતુ નહિ, આવા નબળા વિચારો કરવા તે એક પ્રકારની ભૂલ છે. હવે કાર્ય કરવાનો સમય ચાલ્યો ગયો છે એવો વિચાર કદિ પણ ન કરવો. સત્યની શોધ કરવાને વાસ્તે અને તેને પોતાનાં જીવનમાં સંમિલિત કરવાને વાસ્તે એમ કદિ પણ ન સમજવું કે યોગ્ય સમય વ્યતીત થઇ ગયો છે. માત્ર અધિક ઉદ્યોગ કરવાની અને અધિક ચિત્ત ચોંટાડવાની જ આવશ્યકતા છે. જે મનુષ્યમાં આત્મબળ છે, આત્મવિશ્વાસ છે તે કદાપિ એમ નથી વિચારતો કે અમુક કાર્ય કરવાનો હવે સમય રહ્યો નથી. જ્યાંસુધી શ્વાસોશ્વાસ ચાલતા હોય છે ત્યાં સુધી મનુષ્ય આત્મોન્નતિ કરી શકે છે. વૃદ્ધાવસ્થામાં કાર્ય કરવામાં પરિશ્રમ વિશેષ પડે છે એ ચોક્કસ છે, પરંતુ આત્મવિશ્વાસનાં બળથી ઉદ્યોગપરાયણ મનુષ્ય તેની પરવા કરતો નથી. તેનું આત્મબળ તેને હમેશાં યુવાન જ રાખે છે. તેને નવી નવી વાતો જાણવાની મળે છે જેથી તે હમેશાં ઉત્સાહિત રહે છે. આ વાતનાં સમર્થન રૂપે અનેક ઉદાહરણો આપી શકાય તેમ છે, જેનાથી આપણને પ્રતીત થાય છે કે અનેક દેશી વિદેશી લોકોએ મોટી ઉમ્મરે પહોંચ્યા પછી ઉદ્યોગ કરવાનો પ્રારંભ કર્યો હતો અને આખરે સંપૂર્ણ સફલતા મેળવી હતી. ફારસી ભાષાના સુપ્રસિદ્ધ કવિ અને ગ્રંથકાર શેખ સાદીએ પોતે એક સ્થળે લખ્યું છે કે ‘ મારી ચાલીશ વર્ષની વય થઇ ત્યાં સુધી મને કંઇપણ આવડતું નહોતું.’ આટલી મોટી ઉમર સુધી તેને કોઇ પણ ભાષાનો એક પણ અક્ષર આવડતો નહોતો; પરંતુ એ જ શેખસાદીએ એવાં એવાં મહત્વપૂર્ણ પુસ્તકો લખ્યા છે કે જેની ધુરંધર વિદ્વાનો મુક્તકંઠે પ્રશંસા કરે છે. સુવિખ્યાત તત્વવેત્તા સૉક્રેટીસે વૃદ્ધાવસ્થામાં સંગીતકળા શીખવાનો પ્રારંભ કર્યો હતો. કૈટોએ એંશી વર્ષની ઉમ્મરે યુનાની ભાષા શીખવાનું શરૂ કર્યું હતું. પ્લુટાર્કે પણ એંશી વર્ષની ઉમ્મરે લૅટીન ભાષાનો અભ્યાસ પૂર્ણ ઉત્સાહથી શરૂ કર્યો હતો. જે લોકો વૃદ્ધાવસ્થાના ભયથી કાર્ય કરવામાં હતોત્સાહ બની જાય છે તેઓને ઉપરોક્ત ઉદાહરણોથી પ્રોત્સાહન મળવું જોઇએ. જ્યાં સુધી મનુષ્ય પોતે બંધ કરી દેતો નથી ત્યાં સુધી સત્ય અને ઉત્તમ જીવનનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર્ગ કદિ પણ બંધ થતો નથી. જો મનુષ્ય આ વાત સારી રીતે સમજીને ગ્રહણ કરે, તેના પર વિશ્વાસ રાખે અને તેને પોતાનાં જીવનનો ઉદ્દેશ બનાવી લે તો પછી મનુષ્યની ઉન્નતિની કશી સીમા રહેતી નથી. મનુષ્યનું તો એજ કર્તવ્ય છે કે તેણે સર્વદા યથાશકિત ઉદ્યોગ કરતાં રહેવું, ચિત્તમાં અશાંતિ જરાપણ આવવા દેવી નહિ અને પોતાના ઉદ્યોગનું શું પરિણામ આવશે તેની લેશ પણ પરવા કરવી નહિ.

આત્મનિર્બળતાનું એક બીજું પણ કારણ છે. તે એ છે કે પ્રાયે કરીને મનુષ્ય એમ સંકલ્પ કરે છે કે અમુક કાર્ય જો અમુક પ્રકારે કર્યું હોત તો અમુક પરિણામ આવત. આવા સંકલ્પ વિકલ્પ કરવામાં સમય અને શકિતનો વ્યર્થ ઉપયોગ થાય છે. જે બનવાનું હતું તે બન્યું. એને માટે શોચ કરવો ફોકટ છે. પરંતુ જે બનવાનું છે તેના પર તો વિચાર કરવો જોઇએ. જે મનુષ્ય ભૂતકાળની બાબતોને માટે શોચ કર્યા કરે છે તે ભવિષ્યનાં કાર્યો પણ બગાડી મુકે છે; તેથી તેને કોઈ પણ કાર્યમાં સફલતા મળી શકતી નથી. જ્યારે મનુષ્ય જીવનસંગ્રામમાં લડતા લડતા થાકી જાય છે ત્યારે પ્રકૃતિદેવી તેને પ્રેમથી એમ કહેતી માલુમ પડેછે કે "પ્રિય પુત્ર ! અત્યારે જે કાંઈ કાર્ય તમે હાથમાં લીધું છે તે ઉત્તમ રીતિથી કરો, એમાં જ તમારી સઘળી બુદ્ધિ અને શકિત પૂર્ણ રૂપથી લગાવી દો કે જેથી કરીને ભવિષ્યને માટે તમે સારી તૈયારી કરી શકો અને તમે યોગ્યતા પ્રાપ્ત કરીશકો. તમારી પાસે જે કાંઇ જ્ઞાન અને બુદ્ધિનો ખજાનો હોય તે સર્વ તમે સ્વીકારેલ કાર્ય કરવામાં લગાવી દો" જ્યારે તમે આમ કરશો ત્યારે તમને કહેવામાં આવશે કે તમે યથાશકિત સારૂં કર્યું છે. '**गतं न शोचयेत्**' એ સૂત્ર મનનપૂર્વક હમેશાં લક્ષમાં રાખો. ભૂતકાળ તરફ નજર ન કરો; કેમકે થઇ ગયેલી બાબતો માટે પશ્ચાતાપ કરવો વ્યર્થ છે. જે વાત બની ગઇ તે કોટિ પ્રયત્નો કરવા છતાં અણબની થવાની નથી. એમાં કાંઇ પણ પરિવર્તન થઇ શકતું નથી, તેથીજ તેને માટે પશ્ચાતાપ અને શોક કરી હૃદય બાળવું નિરર્થક છે. બની ગયેલી બાબતો ઉપરથી વર્તમાન અને ભવિષ્યને માટે ધડો લેવો જોઇએ. એવી રીતે કાર્ય કરવું જોઇએ કે જે ભૂલો પહેલાં થઈ ગઇ હોય તે ફરીથી ન થવા પામે. આનું પરિણામ એ આવશે કે તમારો અનુભવ દિનપ્રતિદિન વધતો જશે, જ્ઞાન પણ વૃદ્ધિ પામતું જશે અને આ માનવજીવનનું સાધ્યબિંદુ પ્રાપ્ત કરવા તમે અવશ્ય ભાગ્યશાળી બનશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાદરી–મારવાડ શહેરમાં મળેલી બારમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

સંવત ૧૯૭૬ ના પોશ શુદ ૨–૩–૪ બુધ–ગુરૂ–શુક્રવાર તા. ૨૪–૨૫–૨૬ ડીસેમ્બર સને ૧૯૧૯

## પ્રથમ દિવસ.

ગૌડવાડ–મારવાડના પ્રસિદ્ધ ગામ સાદરીમાં આ વખતે મળેલી જૈન કોન્ફરન્સ વિજયવતી થઈ છે. મારવાડ ભૂમિમાં મળેલી આ કોન્ફરન્સથી મારવાડી અને પંજાબી જૈન બંધુઓમાં સામાજિક–ધાર્મિક જાગૃતિ ઉત્પન્ન થઇ છે. જૈન સમાજના જીવન–વિકાસની શક્તિનું સ્વરૂપ કેટલેક અંશે તેમાં થયેલ કાર્યોથી પ્રગટ થઇ આવ્યું છે.

કોન્ફરન્સની બેઠક શ્રીરાણકપુરજી તીર્થયાત્રા કરવા જતાં રસ્તા ઉપરની જૈન ધર્મશાળામાં ઉભા કરેલા ખેંચાણકારક સુશોભિત મંડપમાં કરવામાં આવી હતી. આ વખતે ખુરશીની બેઠકને બદલે જાજમ ઉપરની બેઠક કરેલી હોવાથી અને તે ચિત્તાકર્ષક બનાવેલી હોવાથી પ્રાચીન કાળની સભાઓ–સંમેલનોની યાદ તાજી થતી હતી.

આ સંમેલનમાં ચતુર્વિધ શ્રી સંઘની હાજરી હતી.

## કોન્ફરન્સ અહીં મળવાનું કારણ.

ગયા વરસમાં અત્રે શ્રી આત્મારામજીના શિષ્ય શ્રી ૧૦૦૮ શ્રી વલ્લભવિજયજી મહારાજ અત્રે ૧૦ ઠાણા સાથે પધાર્યા હતા. જે વખતે સાદડીના જૈનોએ તેમને મોટું સામૈયું કરી પધરામણી કરી હતી. તેમનાં આગમનથી કેળવણીનાં ફંડમાં તેઓશ્રીના પ્રયાસથી જ રૂપિયા સવા લાખની મોટી રકમ એકઠી થઈ હતી. વળી અત્રેથી ચાર ગાઉ ઉપર આવેલા બાલી ગામમાં પણ તેમના પ્રયાસથી રૂપિયા પોણા લાખની, સાત ગાઉ ઉપર આવેલા દાણેરા ગામમાં રૂપીઆ બાવીશ હજારની રકમ, લોઠારા ગામમાં આઠ હજારની રકમ, કોટ ગામમાં રૂપીઆ પાંચ હજારની રકમ અને બીજા ગામોમાં મળી કેળવણી ફંડમાં રૂપીઆ અઢી લાખની મોટી રકમ એકઠી થઇ છે અને હજુ પણ એકાદ લાખ રૂપીઆની રકમ એકઠી થવાની વકી છે. તેઓશ્રીના ઉપદેશથી અત્રેના જૈનોએ બારમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું અધિવેશન કરવા વિચાર કર્યો હતો અને લગભગ બે મહીના પરજ તે માટેનો પાકો વિચાર થવા છતાં અત્રેના રહીશોએ ઘણા ઉમંગથી તે માટેની તૈયારીઓ કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોન્ફરન્સ ભરવામાં બહુ ખંત દેખાડી છે. તેઓએ જુદી જુદી કમિટિઓ નીમીને તે માટેની તૈયારીઓ કરી હતી અને આખા હિંદુસ્તાનના જૈનોને આમંત્રણ મોકલ્યું હતું.

કોન્ફરન્સથી તેમજ કેળવણીના કાર્યથી આ મુલક ઘણે ભાગે અજાણુ હોવાથી તેમજ કોન્ફરન્સ મળે તો કેળવણી જેવો મહાન સવાલ મારવાડી બંધુઓના લક્ષમાં આવે તો ઉક્ત મહારાજશ્રીએ અહીં પ્રયાસ કરી જે ફંડ શરૂ કર્યું છે તેને વધારે મદદ મળે, ઉદ્દેશો જલ્દી પાર પડે અને મારવાડમાં કેળવણીની પ્રગતી થવા સાથે મારવાડી બંધુઓ કેળવણી પ્રાપ્ત કરે તેવા અનેક ઉદ્દેશથી આ કોન્ફરન્સ ત્યાં ભરવા માટે પ્રયાસ થયો હતો જે યોગ્યજ હતો. કોન્ફરન્સના મંડપમાં આશરે ચારથી પાંચ હજાર મનુષ્યોની હાજરી હતી. પંજાબના આશરે પોણોસો ડેલીગેટો હતા અને જાણીતા બહારગામના ડેલીગેટોમાં શેઠ દેવકરણ મુળજી, શેઠ મોતીલાલ મુળજી, કાપડીયા મોતીચંદ ગીરધરલાલ, મકનજી જુઠાભાઇ બેરીસ્ટર એટલો, નરોતમદાસ ભાણજી, ઝવેરી માણીલાલ સુરજમલ, રા. ગુલાબચંદજી ઢઢ્ઢા, શેઠ પ્રતાપચંદજી ધીયા, ગાંધી અમરચંદ ઘેલાભાઈ, શેઠ ગોપીચંદજી ઘડીયાળી, શેઠ ભભુતમલજી સીંધી, શેઠ દેવચંદ દામજી, ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ, ઝવેરી મુળચંદ આશારામ, વૈરાટી શેઠ સમરથમલજી, શેઠ ન્યાલ ચંદજી, શેઠ મહાસુખભાઈ વીસનગરવાળા વગેરે જુદા જુદા ગામોના ડેલીગેટો કોન્ફરન્સમાં ભાગ લેવા પધાર્યા હતા.

પાલીતાણા અને ત્રાપજથી પ્રવર્ત્તકશ્રી કાન્તિવિજયજી મહારાજ અને મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજના કોન્ફરન્સની ફતેહ ઇચ્છવા માટેના પત્રો આવ્યા હતા.

બપોરના બરાબર એક વાગે પ્રથમ દિવસની બેઠકનું કાર્ય શરૂ થયું હતું શરૂઆતમાં મંગળાચરણ કર્યા બાદ આવકાર દેનાર કમીટીના પ્રમુખ શેઠ નથમલજીએ પોતાનું ભાષણ શરૂ કર્યું હતું જે હિંદીમાં હતું. તેમાં મુખ્ય હકીકત તે દેશમાં બીલ્કુલ શિક્ષણપ્રચાર નહીં હોવાથી ઉચ્ચ શિક્ષણની જરૂરીયાત સ્વીકારી બાળલગ્ન, કન્યા વિક્રય વિગેરે હાનિકારક રીવાજો પોતાના દેશમાંથી દૂર થવાની જરૂરીયાત સ્વીકારી હતી. જે ભાષણ સામાન્ય અને ટુંકું હતું,

ત્યારબાદ પ્રમુખ સાહેબ લાલા દોલતરામજી જૈનીની પ્રમુખ તરીકે નીમણુંક કરવામાં આવી હતી. તેમણે પ્રમુખસ્થાન લીધા બાદ તેઓશ્રીનું ભાષણ વાંચવામાં આવ્યું હતું. આ ભાષણ જમાનાને અનુસરતા વિચારોવાળું, દરેક વિષયને ટુંકામાં સ્ફુટ કરનારૂં, વિચારણીય મુદ્દાવાળું તેમજ અસરકારક હતું. આ વખતના પ્રમુખનું ભાષણ મુદ્દાસર અને યોગ્ય હતું કે તે પ્રમાણે જો વિચારી અમલ કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે અને ગર્ભિત જણાવેલી હકીકતોનું જો મનન કરવામાં આવે તો અમો ખાત્રીપૂર્વક કહીએ છીયે કે આપણી સમાજની ઉન્નતિ ઘણી જલ્દીથી થઈ શકે. આ ભાષણ જમાનાને જરૂરીયાતવાળું અને ઉચ્ચ આશયોથી ભરપૂર હતું. જેથી તે ભાષણ અત્ર પ્રગટ કરવામાં આવે છે.

# બારમી જૈનશ્વેતામ્બર કોન્ફરન્સના સભાપતિ લાલા દોલતરામજી જૈનીનું વ્યાખ્યાન

ॐ

॥ વન્દેવીરમ્ ॥

**नमः सत्योपदेशाय, सर्वभूतहितैषिणे ।**
**वीतदोषाय वीराय, विजयानन्दसूरये ॥**

## પ્રાસ્તાવિક નિવેદન ।

પરમ પૂજ્ય ગુરૂવર્ય વલ્લભવિજયજી મહારાજ, અન્ય મુનિ મંડળ, બન્ધુઓ ઔર બહનો !

અપને સમાજ મેં, મેરે સે અધિક ધનાઢ્ય, પ્રતિષ્ઠિત ઔર વિદ્વાન ગૃહસ્થો કે હોતે હુએ ભી મેરે કો જો આપ લોકોંને યહ અસાધારણ સન્માન દિયા હૈ તદર્થ મૈં આપકા અત્યન્ત આભારી હૂં. તથા ઇસ કે સાથ હી મૈં શાસન નાયક વીર પ્રભુ ઔર અપને આસન્નોપકારી સ્વર્ગવાસી ગુરૂમહારાજ–વિજયાનન્દસૂરિ–આત્મારામજી કો ભી ધન્યવાદ દેતા હૂં કિ જિનકી અસીમ કૃપાસે મુઝે ઇસ ગુરૂતર સન્માન [ કોન્ફરન્સ કી અધ્યક્ષતા ] કે પ્રાપ્ત હોને કા શુભ અવસર મિલા હૈ !

બન્ધુઓ ! જિસ વક્ત મુઝ સે સભાપતિ કા આસન ગ્રહણ કરને કે લિયે અનુરોધ કિયા ગયા ઉસ વક્ત મેરે દિલમેં અનેક તરહ કે સંકલ્પ વિકલ્પ ઉઠને લગે; ક્યોંકિ મૈં અપને કો ઇસ પદ કે સર્વથા અયોગ્ય સમઝતા હૂં. ઇસ ગુરૂતર કાર્ય કે નિર્વાહ કે લિયે જિતની સામર્થ્ય ઔર યોગ્યતા કી આવશ્યકતા હૈ ઉતની મેરે મેં નહીં, પરન્તુ અપની શક્તિ કે મુતાબિક ઇસ જાતીય મહાસંમેલન મેં યોગ દેને કો અપના જાતીય કર્તવ્ય સમઝતે હુએ, એક મહાન્ તીર્થ કી યાત્રા, ગુરૂ મહારાજ કે દર્શન ઔર શ્રી સંઘ કી આજ્ઞાપાલન મેં હી વિશેષ લાભ સમઝ કર મૈંને ઇસ પદકો સ્વીકાર કરને કા સાહસ કિયા, આશા હૈ ઇસ ગુરૂતર કાર્ય કે નિર્વાહાર્થ આપ લોગ મુઝે પુર્ણતયા સહાયતા દેંગે. આપ સજ્જનોં કે ભરોસે પર હી મૈંને ઇસ મહાન કાર્ય કા ભાર ઉઠાને કા સાહસ કિયા હૈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કોન્ફરન્સ ઔર ઉસકી આવશ્યકતા


## કૉલેજકી આશા.

મહાનુભાવો! બડે હર્ષકી બાત હૈ કિ પંજાબમેં જૈન કૉલેજકી સંભાવના મહોદય સભાપતિજીને આપકે આગે પ્રકટ કર હી દિ હય તો ભી પ્રસંગ હોનેસે પંજાબી ભાઇયોકો યાદ દિલાને કે લિયે સ્વર્ગવાસી ગુરૂમહારાજકા ઉચ્ચ આશય મૈં સુના દિયા ચાહતા હૂં.

એક દિનકા જીકર હય, લુધિયાનામેં કિતનેક આર્યસમાજી ભાઇયોંને શ્રી મહારાજ સાહેબસે અર્જકી કિ, આપ દેવમંદિર તો બનવાયે જાતે હય, મગર દેવ-મંદિરકે રક્ષકો કે ઉત્પાદક દેવવાણી–સરસ્વતીકે મંદિરકી ભી જરૂરત હય.

શ્રીમુખને, આહા! કયા હી ઉસ વક્ત સમયસૂચકતા કા જવાબ દિયા, સુનકર સબ ખુશ હો ગએ. આપને ફરમાયા ઇસવકત ઇનકો દેવભકત બનાનેકી જરૂરત હય ઇસ લીએ દેવમંદિર બનતે હય. જબ યહ કાર્ય પૂર્ણ હો જાયગા, ખુદ બખુદ દેવવાણીકા ખ્યાલ હો જાયગા.

બેશક, મહાપુરૂષોંકી વાણીમેં ભી દેવવાણીકા હી અસર હોતા હય. આપકા કહના જયોંકાત્યોં હી મેરે અનુભવ મેં આ રહા હય. ધીરે ધીરે પાઠશાલા હાઇસ્કુલકે રૂપમેં પ્રવિષ્ઠ હો કૉલેજ કે રૂપમેં આનેકી સંભાવના હો રહી હૈ.

મહાશયો! મેરે અંદરભી ઇસ બાતકા બીજ ઉસ વક્તકા બોયા હુઆ ધીરે ધીરે અંકુર કે રૂપ મેં પ્રકટ હુઆ આપકો નજર આતા હોગા, પરંતુ વો સદ્ગુરૂકા બોયા બીજ સફલ તબ હી માના જાયગા જબ સરસ્વતીમંદિર બન કર ઉસ મેં સે દેવ–દેવમંદિર–દેવવાણી કે રક્ષક સરસ્વતીપુત્ર ઉત્પન્ન હોંગે. મુઝે કહનેકા અધિકાર નહીં, મગર રહા ભી નહીં જાતા, જિતના આપ લોગોંકા લક્ષ્મી પ્રતિ પ્રેમ હૈ યદિ થોડા સા ભી સરસ્વતી પ્રતિ હોવે તો આપકા ઉભય લોક મેં ભલા હોવે. પરંતુ અફસોસ! આપને એકકો જિતના માન દિયા હૈ ઉતના હી બલ્કે ઉસસે ભી અધિક દૂસરીકા અપમાન કર રખા હૈ, લોક મેં ભી નૂતન પ્રેમપાશબદ્ધ હો કર પુરાતન સ્ત્રીકા અપમાન કરતે હૈ. પરંતુ રાજયભય સે, લોકાપવાદ ભયસે યા જ્ઞાતિબંધન કે ભયસે ઉસકા નિર્વાહ તો ઉસે અવશ્ય હી કરના હોતા હૈ. અફ્સોસ! સરસ્વતીકા ઇતના ભી નિર્વાહ નજર નહીં આતા. મૈં સત્ય કહતા હૂં આપ લોકોં કી જો બિગડી હુઇ દશા દિખલાઇ યા સુનાઇ દેતી હૈ આપ કે કિયે અપમાન સે કુપિત હુઇ સતી સરસ્વતી કે શાપકા હી પ્રભાવ સમઝના ચાહીયે. ઇસ લીએ ઉસકો મનાઓંગે તબ હી આપકા સૌભાગ્ય બઢેગા.

## ગુજરાતી ભાઇયોં કી આશા છોડ દો.

મહાનુભાવો! મુઝે સહર્ષ કહના પડતા હૈ આપ સબ કયા ગુજરાતી, કયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારવાડી, કયા પૂર્વી, કયા પંજાબી ઇસી મારવાડ ભૂમિ કે પુત્ર હૈં. સૌભાગ્યવશ આપ સબ કયા ઓસવાલ, કયા શ્રીમાલ, કયા પોરવાલ આપની માતૃભૂમિમેં ઉપસ્થિત હુએ હૈં. આપ સબકો મિલકર માતૃભૂમિકા ઉદ્ધાર કરના હોગા. જબ આપકી માતૃભૂમિકા ઉદ્ધાર હોગા યાદ રખના આપકા, આપકા, ધર્મકા, પ્રભુ વીર ભગવાન કે શાસનકા તભી ઉદ્ધાર હોગા. જીનમેં ગુજરાતી ભાઇ તો ઇસ ભૂમિસે બિલકુલ નિર્મોહી હો ચુકે હૈં, ઇન્હોંને અપના ખાનપાન, પહરાન, બોલચાલ, રીતિ રીવાજ, રંગઢંગ, સબહી પ્રાયઃ બદલ લિયા હૈ. ઇસસે ઇનકી આશા પર રહના તો મુઝે ઠીક નહીં માલૂમ દેતા.

યહાંતક જિન્હોંને જવાબ દે દિયા કિ, કભી હમારે પર મારવાડી ભાઇ હક ન જમા લેવે! અપના ગોત તકભી ભૂલા દિયા! આપ યૂં ન સમઝે કિ, મહારાજ મારવાડ મેં હૈં ઇસલિયે મારવાડીયોં કો અચ્છા લગાને કે લિએ ગુજરાતી ભાઈયોં કી તર્ફ કડી નજરસે દેખા જાતા હૈ. નહીં, નહીં, મેરા જન્મ બડૌદા–ગુજરાત મેં હૈ ઔર મેરી દીક્ષા આપકે સામને બૈઠે હુએ નવમી કોન્ફરન્સકે માજી પ્રમુખ શેઠ મોતીલાલ મૂલજી કે શહર રાધનપુર મેં હુઇ હૈ. મેરી દોનોં હી અવસ્થાકી માતૃભૂમિ ગુજરાત હય. મુઝે ગુજરાતકી ભૂમિકા માન હય. પરંતુ મૈં જિસ આશયસે કહ રહા હું ઉસપર લક્ષ્ય દિયા જાયગા તો મેરા કહના આપકો અવશ્ય ન્યાયસંપન્ન દિખલાઇ દેગા. જિતને પુરાણે બડે બડે ભવ્ય રાણકપુરજી સરીખે મંદિર મરૂભૂમિમેં દિખાઇ દેતેં હય ગુજરાતમેં નહીં દિખાઇ દેગેં. ગુજરાતમેં જાકર ઇન અપૂર્વ મંદિરોંકે લિયે ગુજરાતી ભાઇયોંને કિતના દ્રવ્ય ભેજા ? હાં, ગુજરાતમેં પ્રગટ હોતે નયે નયે તીર્થોંકે લિએ મારવાડી ભાઇયોંસે દ્રવ્ય લિયા તો જરૂર હોગા. ઈસ હાલતમેં બતાઇએ ગુજરાતકી આશા પર બૈઠ રહના ઠીક હય ? કદાપિ નહીં. રહા પૂર્વ ઔર પંજાબ. સો ઉધર તો ઇતની વસતી હી નહીં. વો અપના કામ હી આપ નિભા લેવે ગનીમત હય ! બસ, તેલીકે બૈલકી તરહ ઈધર ઉધર ધૂમધામ કર ફ્રિર મારવાડી ભાઇયોં પર હી દૃષ્ટિ આ ઠહરતી હય. ઇસમેં શક નહીં મારવાડી વેપારી હય, ધનાઢ્ય હય, શ્રદ્ધાલુ હય; પરંતુ વિદ્યાકે અભાવસે વિવેકકા વિયોગ હો જાનેસે હઠીલે જ્યાદા નજર આતે હય. જિસ બાતકો પકડ લેવે છોડતે નહીં. યદ્યપિ યહ બડા ભારી અવગુણ હય, પરંતુ મેરે લિએ, નહીં, નહીં, આપ સબકે લિએ, વીરપ્રભુકે શાસનકે લિએ ગુણરૂપ હોતા નજર આતા હય. આપ સમઝ લેવે, જો ઈસ વક્ત જિસ કામકે લિએ મારવાડી ભાઇયોંને હાથ લંબાયા હય હઠ પકડ લીયા તો બસ, જયજયકાર સમાજકા ઉદ્ધાર હુ મા હી પડા હય. ઇસમેં શક નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મહાજન ડાકૂ મત બનો.

આપ સુનકર ખુશ હોંગે મારવાડી ભાઇયોંને **શ્રી આત્માનંદ જૈનવિદ્યાલય, ગોડવાડ** સ્થાપન કરનેકા નિશ્ચય કર લિયા હય જિસકે લિએ ચંદા-ફંડ જારી હય. કરીબ દો અઢાઇ લાખકી રકમ લિખી ગઈ હય. મૈં ઉમીદ કરતા હું ઈસી તરહ ઇનકા ઉત્સાહ જારી રહા તો યહ રકમ દશ લાખ તક પહુંચ સકતી હય ઔર જૈન કૉલેજકા ઉદ્દેશ બહુત હી જલદી પુરા હો સકતા હય. દેખા ચાહિયે અબ માર-વાડી ભાઇ મુઝે કીતના સચ્ચા બનાતે હય. હુંડી તો લિખી ગઇ હય સીકરનેકી દેરી હય. યદિ સીકર ગઇ તો વાહ વાહ વરના સમઝા જાવેગા! બાહિરસે હમે મીણે ડાકૂઓંને લુટે ઔર અંદરસે મહાજન-ડાકૂઓંને લૂટે! મહાશયો! સમય અધિક હોતા જાતા હય, મેરા કથન કહીં કહીં આપકો ચૂભતા ભી હોગા; પરંતુ આપ જાનતેં હય માતા પિતાકા દિલ જબ દુ:ખતા હય તબ કટુ ઔષધ હી પુત્રકો પીલાતેં હય, મેરા દિલ અંદરસે દુ:ખતા હય તભી આપકી-સમાજકી દુર્દશાકે સુધારકે લિએ ઈતના કહતા હૂં. યદિ આપ ઇસકો હિતબુદ્ધિસે, ગુરૂબુદ્ધિસે નિ:સ્વાર્થ હમારે ભલેકે વાસ્તે હી કહતેં હય. ઇસ આશયસેં સ્વીકારેંગે આપકા, આપકે બાલબચ્ચોંકા, આપકે સમાજકા હિત હોગા, ઔર યદિ ઉલટા સમઝેંગે આ-પકા હી અહિત હય. પરંતુ મુઝે તો ઉપકાર દૃષ્ટિસે, હિતબુદ્ધિસે, અનુગ્રહ બુદ્ધિસે, કહનેમેં એકાંત હિત હી હિત હય.

## વીતરાગકી દુકાનકે સચ્ચે મુનીમ.

મહાનુભાવો! તીર્થંકર ભગવાન વીતરાગ દેવકી દુકાનકે સચ્ચે મુનિમ જો સાધુ મુનિરાજ કહાતેં હય. યદિ કીસી કિસમકી બેઇમાની ન કરે તો હાનીકા તો કામ હી નહીં બલ્કે, વૃદ્ધિ પાતે પાતે પરમાત્મ સ્વરૂપ ખુદ પરમાત્મા બન સકતે હય. દુકાન મોજુદ હય. સૌદા મોજુદ હય. મુનીમ હુશીયાર હોના ચાહીયે. યદિ મુનિમ સચ્ચાઇસે કામ કરતા રહેગા દિન દિન બઢતી હી હોગી. યદિ કોઇ બેઇ-માની કી તો કાંદેકી વાસકી તરહ જાહિર હુએ વિના ન રહેગી. આખીરમેં ઉસ બે ઈમાન મુનીમકા દેવાલા નીકલ જાયગા. મુંહ કાલા હો જાયગા. ઇસલિએ વીત-રાગકી દુકાનમેં વીતરાગ બનને બનાનેકા હી સૌદા હોના ચાહીયે. યદિ વહાં વીતરાગ બનને બનાનેકે સૌદે કે સિવાય-રાગદ્વેષકી પરિણુતિકી કમી-હાનીકે સિ-વાય અન્ય કોઇ સૌદા, રાગદ્વેષ ઇર્ષા મમતા માયા અહંકાર આદિકી વૃદ્ધિકા નજર આતા હય તો વો વીતરાગકી દુકાન નહીં. વો વીતરાગકી દુકાનકા મુનીમ નહીં, વો જ્ઞાન નહીં, વો જ્ઞાની નહીં, વો સમજ નહીં, વો સમજવાલા નહીં. ભગવાન હ-રિભદ્રસૂરિ મહારાજ ફરમાતેં હય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" तज्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगणः ।
तमसः कुतोस्ति शक्तिर्दिनकरकिरणाग्रतः स्थातुम् ॥ १ ॥

ભાવાર્થ ઇસકા યહ હય કિ, વો જ્ઞાન જ્ઞાન નહીં હય, જિસ જ્ઞાનકે હોનેપર રાગાદિ સમૂહ દિખાઇ દેં. અંધેરેકી સૂર્યકિરણોંકે આગે ખડા રહેનેકી શક્તિ કહાં હય ?

## કર્ત્તવ્ય પરાયણ હોના ચાહીયે.

મહાશયો ! જ્ઞાનકા ફલ વૈરાગ્ય હોના ચાહીયે. ઇસલિએ જ્ઞાન, પાંડિત્ય, સમજ ઇલ્મત ભી સફલ માના જાતા હય. યદિ ઉસકે સ્વામી સદાચારી, ચારિત્રપાત્ર, ગુણગ્રાહી હો. તભી વો પ્રતિષ્ઠાપાત્ર ઉચ્ચપદ સદ્ગતિકા અધિકારી હો સકતા હય. અન્યથા જગતમેં જ્ઞાની પંડિત ઇલ્મદાર ભલે કહાવેં પરંતુ ઇતને માત્રસે ઉનકા પરલોક કભી ન સુધરેગા. ચતુર્દશ પૂર્વધારી ભગવાન ભદ્રબાહુ સ્વામી ફરમાતે હય.

जहाखरो चंदन भारवाही भारस्स भागी न हु चंदणस्स ।
एवं खु नाणी चरणेन हीणो, नाणस्स भागी न हु सोग्गईए ॥१॥

ઇસકા મતલબ યહ હય કિ, જૈસા ચંદનકા બોજા ઉડાનેવાલા ગધા ભારકા હી ભાગી હય. ચંદનકી સુગંધ ખુશબૂકા નહીં. એસે હી જ્ઞાની–પંડિત જ્ઞાન–પાંડિત્ય કા હી ભાગી હય, પરંતુ નિર્વિવેકી સદાચાર ચારિત્ર સે હીન રહિત હોને સે સદ્ગતિકા ભાગી નહીં હોતા. જો પઢે લિખે હય પર ચારિત્ર સદાચારમેં તત્પર નહીં, કર્ત્તવ્ય પરાયણ નહીં વે પઢે લિખે મૂર્ખ ( પઠિત મૂર્ખ) હય. વે ( Gramophone ) ગ્રામોફોનકી ચૂડી કે સમાન હય. જૈસે ગાયનકા અસર ચૂડી પર નહીં પર જબ ગાતી હય તબ દૂસરોંપર અસર જરૂર હોતા હય. ઠીક. ઇસી તરહ વો ચેતન પરમાત્મા કે સ્વરૂપ કા દાવા કરનેવાલે હય. બેશક! આત્મામેં અનંતશક્તિ હય. યહી આત્મા પરમાત્મા હોતા હય પર વો શક્તિ પ્રગટ હોગી તબ. જબ તક એસા ન હોગા તબ તક વો જ્ઞાની પંડિત ઇલ્મદાર મુનીમ કહાને વાલે ભી અન્ય પ્રાણીયોં કે સમાન સંસારમેં હી ઇધર ઉધર ભટકા કરેંગે.

## આત્મા હી પરમાત્મા હૈ.

હે વીરપુત્રો ! યદિ ન્યાયસે દેખા જાય કર્મયુક્ત જીવસંસારી કહાં જાતા હય. કર્મમુક્ત શિવસિદ્ધ પરમાત્મા કહા જાતા હય. બસ. સિદ્ધ હુઆ હમ હી અનંતશક્તિવાલે હય. હમ હી પરમાત્મ સ્વરૂપ હય. કેવલ કર્મ કે કારણ હી હમારી તુમારી અનંતશક્તિ ઢકી હુઇ હય. ઇતની બડી ભારી શક્તિ કે હોતે હુએ ભી ઇસ સમાજકી કયા હાલત હય ? કૈસી દુર્દશા હય ? દિલભર આતા હય. બહુત બહુત ઉપદેશ દેને પર ભી કુછ અસર ન હોને કા કારણ મેરે ખ્યાલમેં એક યહી હય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્વિવેક. વિવેકરૂપ શક્તિ કી વિકાસ હોને કે બદલે સંકોચ હો રહા હય. જિસસે કોઈ સત્યોપદેશ અવશ્ય કરણીય રૂપમેં ઠહરતા નહીં હય ઔર ઇસીસે જૈન સમાજ કી દુર્દશા હો રહી હય. અપની વાર્ત્તમાનિક દશા ઔર અપને પૂર્વજોંકી દશા કા મિલાન કરને પર માલૂમ હોગા કિ અપને પૂર્વજ કયા થે ઔર અપન કયા હો ગયે હય ? ઔર યદિ અબ ભી ન ચેતે તો કયા હો જાયેંગે ? પરંતુ યહ દશા વિદ્યારૂપ દર્પણ વિના નજર નહીં આયગી ? વિના દર્પણ કે મસ્તક કા દાગ નહીં દીખતા ઔર વિના દેખે મીટાવેંગે કયા ? ઇસી લિએ અબ તો સબસે પહેલે પહેલે વિદ્યારૂપ દર્પણ કે તૈયાર કરને મેં ઉદ્યમ કરના જરૂરી હય.

## સંપ ઔર ઉદારતા કી આવશ્યકતા.

પ્યારે જૈન બંધુઓ ! ઉક્ત દર્પણ કે લિએ આપકો **સંપ** ઔર **ઉદારતા** કી જરૂરત હય. આપ ખ્યાલ કરેં. ૬ ઔર ૩ યહ દો ઐસે અંક હય એકસરીખે કિ જબ યેહ દોનો સન્મુખ એક દૂસરે કે સામને મુખ વાલે હોતે હય તબ ૬૩ હો જાતે હય ઔર વિમુખ હો જાતે હય તબ ૩૬ હી રહ જાતે હય. અર્થાત્ ઉનકી કીમત ઘટ જાતી હય.

ઇસી તરહ એક ૧ જબ અકેલા હોતા હય તબ કોરા એક હી હય. પર જબ એક ૧ ઔર આ મિલતા હય ૧૧ હો જાતે હય. ઈસસે એકતા કી બડી જરૂરત હય. ખેલમેં બાદશાહ રાની ઇત્યાદિ સબ હોતે હય. પર અકેક કે આગે સબ ઝક મારતે હય.

ઇસસે ભી એક્કા હી બડી ચીજ હય. આપ સબ ઇકઠે હો કર આપસમેં મિલઝુલ જો કુછ કરના ચાહોંગે બડી સુગમતા કે સાથ કર સકોંગે. સંપ તો કયા અમીર કયા ગરીબ સબકા ચાહીયે, પરંતુ ઉદારતા તો કેવલ અમીરોંકી હી હોની ચાહીયે.

દાતા ઔર કૃપણ યહ દો નામ ધનાઢ્ય કે લિએ હી બક્ષીસ હય. ગરીઓં કા ઇન પર કોઇ દાવા નહીં. દુનિયામેં ગરીબ કો કોઇ દાતા નહીં કહતા હય ઔર કંજુસ ભી નહીં કહતા. ધનવાન અમીર હો કર દાન કરે તો દાતા કહાતા હય. યદિ જમા હી કરતા રહે દાન કરે હી નહીં તો વો કંજુસ કહાતા હય. મતલબ યહ દોનોં પદવીમાં ( Degrees ) અમીરોં કે લિએ રજિસ્ટર્ડ હો ચુકી હય. અબ દોનોમેં સે આપકો જો રૂચે સો સ્વીકારો. આપકા અમીર વર્ગકા અખતીયાર હય. પરંતુ યહ યાદ રખના, દાતા કા નામ પ્રાતઃકાલ લોક ખુશીસે લેતે હય. ઔર કંજુસ કા નામ લેના તો દૂર રહા કભી ભૂલસે લીયા જાય યા સુનાઇ ભી દે તો ઉસકે નામ પર સબ થુકતે હય ! ઔર કહતેં હય હાય હાય કિસ પાપી કંજુસ કા નામ લીયા બસ, અમીર બને હો તો અપને નામ પર થુકાઓ નહીં. ઉદાર બનો. લક્ષ્મી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને ભેજકર સરસ્વતી કો આમંત્રણ દો. સરસ્વતી કે વિના ઘરમેં અજ્ઞાનાંધકાર હુય અંધકાર મેં રહુના લક્ષ્મી પસંદ નહીં કરતી. વહુ સદા શાપ દિયા કરતી હુય કિ હાય મૈં કિસ અંધેરે કૈદખાને મેં આઇ. વહુ મૌકા હી દેખા કરતી હુય કિ મૈં કિધરસેં ભાગું. યાદ રખના ઐસી હાલતમેં યદિ વહુ રૂઠ કર ભાગ ગઇ તો ફિર ઈસ ભવમેં તો કયા કઇ જન્મોંમે તુમ્હારે પાસ ફટકેગી નહીં. ઇસ લિએ યાદ લક્ષ્મી કો પ્રસન્ન રખના ચાહુતે હો, જ્ઞાનરૂપ સૂર્ય કી કિરણોં કો ઘરમેં આને દો. જ્ઞાનપ્રકાશકે આતે હી લક્ષ્મી પ્રસન્ન હો આપકા ઘર કભી ન છોડેગી.

## પાઠશાળા–વિદ્યાલય--સ્કુલ–કૉલેજ સે ફાયદા.

સજ્જનો ! કિતનેક થોડી સમઝવાલે પુરાણે ઢબકે મહાશયોં કા યહ કહુના હોતા હુય કિ જિનકોં પઢના પઢાના હોગા આપ હી અપના ઉદ્યમ કર લેવેંગે. સમાજ કે પૈસે સે પાઠશાળા–વિદ્યાલય–સ્કૂલ–કૉલેજ બનવાને કી કયા જરૂરત હુય ? અંગ્રેજી પઢ જાયેંગે ઉલટે શ્રદ્ધાહીન નાસ્તિક હો જાવેંગે.

બેશક ! મુઝે કહુના હોગા, કિસિ અંશમેં ઉનકા કહુના યા માનના ઠીક હોગા, પરંતુ ઉસમેં ભૂલ કીસકી હૈ ? ઇસ બાતકા ખ્યાલ ઉન મહાશયોં કો નહીં આયા હૈ, યદિ અંગ્રેજી વિદ્યામેં ઐસી શક્તિ હૈ તો મેરે સામને બૈઠે હુએ શ્રી શ્વેતામ્બર જૈન કોન્ફરન્સ કે પિતા ગુલાબચંદજી ઢઠ્ઠા એમ. એ. ઔર શ્રી મહાવીર જૈન વિદ્યાલય કે ઑનરરી સેક્રેટરી મોતીચંદ કાપડીયા સોલીસીટર કો ઉસકા અસર કયોં નહીં હુઆ ?

આપકો માનના હી હોગા કિ ઈનકો બચપન મેં ધર્મકા શિક્ષણ મિલા હૈ. બસ. યહી ઉદ્દેશ પાઠશાળા આદિ જારી કરને કા હૈ. લોક અપને મતલબ કે લિએ સાંસારિક શિક્ષણ તો દેતે ઔર લેતેં હૈં પરંતુ ધાર્મિક શિક્ષણકા વહાં કોઇ પ્રબંધ નહીં. ઇસ હાલત મેં અંગ્રેજી પઢે લિખોં મેં યદિ શ્રદ્ધા કા હ્રાસ ( કમી ) યા અભાવ હો જાય તો સંભવ હૈ, ઇસી વાસ્તે ઉનકી શ્રદ્ધા બની રહે વો અપની સમાજકી ઉન્નતિ કો ચાહે ઐસે બનાને કે લિએ હી ધાર્મિક શિક્ષણ કે પ્રબંધકી અત્યાવશ્યકતા હૈ.

રાજ્યભાષા ન સિખે ઔર અકેલા હી ધાર્મિક શિક્ષણ લેવે યહ તો હોના હી દુર્ઘટ હૈ. એક સાધુ ભી યદિ રાજ્યભાષા કો જાનતા હોવે તો બહુત કામ કર સકતા હૈ તો ગૃહસ્થ જિસને વ્યાપારાદિ સે અપના નિર્વાહ કરના હૈ ઉસકે લિએ તો કહુના હી કયા ? ઇસ વાસ્તે ધાર્મિક શિક્ષણ વો ખુશીસે લેવે ઇસ કારણ ઉનકો સાથ સાથ વ્યવહારિક શિક્ષણ ભી દેના જરૂરી હૈ જિસકી લાલચસે વો ધાર્મિક અભ્યાસ કરેં. આપ સબકો ઈસ બાબતકા પૂરા અનુભવ હૈ.

જિસ રોજ ઉપાશ્રય મેં પતાસે યા શ્રીફલકી પ્રભાવના હોતી હૈ કહીં ઉપાશ્રય મેં જાગા ભી નહીં મીલતી !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ કે સામને યેહ શ્રી મહાવીર જૈન વિદ્યાલય કે વિદ્યાર્થી બૈઠે હૈં, વિદ્યાલય મેં દાખલ હુએ ઉસ વક્ત જૈન કિસ ચિડિયાકા નામ હૈ ઈતના ભી ઈનકો જ્ઞાત ન હોગા. પરંતુ ઈસિ વકત ધાર્મિક અભ્યાસસે ઔર પ્રખર પંડિત વ્રજલાલજી કે સહવાસસે ઇનમેં એક નયા હી જીવન આયા દિખાઈ દેતા હૈ કિ જિસસે યેહ જૈન સમાજકી જાહોજલાલી દેખને કે ઉત્સુક હો રહે હૈં યહ સબ પ્રતાપ અપને સ્વતંત્ર પ્રબંધકા હૈ. ઈસ લિએ મહાશયો ! યદિ અપને સમાજકી ઉન્નતિ ચાહતા હોં તો અપની સ્વતંત્ર પાઠશાળા આદિ અવશ્ય હોની ચાહીયે જિસ મેં અપની ઈચ્છાનુસાર ધાર્મિક શિક્ષણકા પ્રબંધ હો સકે. મહાનુભાવો ! સમય અધિક હો ગયા, મૈં બોલતે થક ગયા, આપ સુનતે નહીં થકે હોંગે તો બૈઠે તો થક હી ગયે હોંગે, ઇસ લિએ આખિર મેં ગવૈયા પ્રાણસુખકા ગાયા પદ આપકો યાદ દિલાતા હુઆ મેરે બોલને કે પ્રવાહ મેં કહીં ત્રુટી રહ ગઇ હો, કહીં અસંબંધ યા અનુચિત બોલા ગયા હો ઉસકી બાબત મિચ્છામિ દુક્કડં દેતા હુઆ મૈં અપને વક્તવ્ય કો યહાં હી સમાપ્ત કરતા હૂં.

### ગવૈયા પ્રાણસુખકા ગાયા હુઆ પદ.

( ગઝલ—કવ્વાલી. તરજ—ચાહે તારો યા ન તારો. )

કરતે હૈં પેશ અરજી, ચાહે માનો યા ન માનો—
પંચોં વ શેઠ હાકિમ, સબકો હી હૈ યહ લાજિમ;
આખિર તુમારી મરજી, ચાહે માનો યા ન માનો. ૧
આગે હમ કિસ પુકારે, વિન તુમ ન કોઇ સુધારે;
હમતો બને હૈ ગરજી, ચાહે માનો યા ન માનો. ૨
ધોબી હજામ તેલી, અંત્યજ જાતિ છેલી;
સુધરે હૈં સાથ દરજી, ચાહે માનો યા ન માનો. ૩
મહાજન તુમ કહાવેં, તો ભી ન ખ્યાલ આવે;
કર દો હુકમ અબ ફરજી, ચાહે માનો યા ન માનો. ૪

# જૈન સાહિત્ય સંશોધક સમાજ

આ નામની સંસ્થા પુનામાં શ્રીમાન જિનવિજયજી મહારાજના ઉપદેશથી તેમના અધ્યક્ષ પણા નીચે કારતક શુદ ૧૫ ના રોજ સ્થપાયેલ છે. જૈન ધર્મનો પુરાતન ઈતિહાસ ભારતીય ઇતિહાસમાં એક મુખ્ય સ્થાન ધરાવે છે. અને જૈન સાહિત્ય ભારતનાં સમગ્ર સાહિત્યનું એક ઉત્તમ અંગ છે છતાં ભારતવર્ષના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્વાન સમાજમાં જૈન ધર્મનાં સ્વરૂપ માટે અનભિજ્ઞતા જણાય છે. બૌદ્ધ ધર્મના ઇતિહાસ અને સાહિત્યનું સંશોધન કરવા માટે દુનીયાના જુદા જુદા પ્રદેશોમાં જ્યારે મોટી મોટી સભા વગેરે સ્થાપિત થયેલ છે, ત્યારે જે ધર્મના અનુયાયીવર્ગ આજ પણ ભારતના રાષ્ટ્રમાં એક મુખ્ય સ્થાનપર અધિષ્ઠીત છે, જેના વિશાળ સાહિત્યસમુદ્રના સેંકડો ગ્રંથરત્ન ભારતના નાના મોટા સેંકડો પ્રાચીન અર્વાચિન પુસ્તકાલયોની શોભા વધારી રહેલ છે, અને જેના અસંખ્ય કીર્તિસ્થંભ ભારતના ચારે ખુણામાં દેખનારના દીલમાં ચમત્કાર ઉત્પન્ન કરી રહેલ છે, તે જૈનધર્મના ઉજ્જવલ ઇતિહાસ અને સુંદર સાહિત્ય જે ઉત્તમ રીતે સંશોધન-પ્રકાશન કરવા વાળી એવી એકપણ સંસ્થા જૈન ધર્મમાં હજી સુધી જન્મ પામી નથી જે અવસ્થા જૈન ધર્મનાં પૂર્વગૌરવનું અભિમાન ધરાવનાર તેમજ તેનું વાસ્તવિક મહત્વ સમજવા વાળા સુજ્ઞ જનોના દીલમાં ખેદ ઉત્પન્ન કરે તેવી છે.

ભારતના પુરાતન ઇતિહાસની પૂર્તિ જૈન ધર્મના તદ્વિષય સાહિત્યનું સંશોધન કર્યા વિના કોઈ રીતે નહીં થશે. જેથી તેનું વૈજ્ઞાનિક પદ્ધતિથી સંશોધન અને પ્રકાશન કરવા વાળા કોઇ તૈયાર નહીં હોવાથી છુપાઇ રહી માટીમાં મળી જાય છે અને પડ્યા પડ્યા પેટીઓમાં ગલીત થાય છે.

પ્રાચીન જૈન મહાત્માઓએ સંસ્કૃત, પ્રાકૃત, કનડી, ગુજરાતી, હીન્દી વગેરે અનેક ભાષામાં અસંખ્ય ગ્રંથોની રચના કરી ભંડારો ભરપૂર બનાવ્યા છે અને અનેક ગ્રંથરત્નો તો એવા અમૂલ્ય છે કે જેની સમાનતા કરવા વાળા ગ્રંથ બીજા ધર્મોનાં સાહિત્યમાં પણ મળી શકતા નથી.

ઉપરની સર્વ વાતોથી જણાય છે કે હજી સુધી જૈન સાહિત્યનું શાસ્ત્રીય પદ્ધતિથી બીલ્કુલ પણ સંશોધન થતું નથી તેમજ વિદ્વાન લોકોને જૈન સાહિત્યનો પણ બીલ્કુલ પરિચય થયો નથી. તેમજ જેથી સાહિત્યનું અન્વેષણ પણ કરવામાં આવ્યું નથી તેમજ જૈન સમાજની પોતાનાં સાહિત્યની સંશોધન અને પ્રકાશન કરવા તરફ દ્રષ્ટી પણ હજુ સુધી ગઇ નથી. જો કે અલ્પ પ્રમાણુમાં સાહિત્ય જેની રીતે પ્રગટ થયું છે એવી સ્થિતિમાં સર્વ સાધારણને ઉચિત આદર ન મળે તો તેમાં બીજા કોનો દોષ સમજવો? જેથી જૈન સમાજનું એ પરમ આવશ્યક કર્તવ્ય છે કે પોતાના ધર્મનાં પૂર્વ ગૌરવનું રક્ષણ અને પ્રકાશન કરવું જોઇએ. એ સર્વ વાત ધ્યાનમાં રાખી કેટલાક ઉત્સાહી અને સાહિત્યપ્રેમી સજ્જનની પૂર્ણ સહાનુભૂતિથી કેવળ સાહિત્યસેવામાં પોતાનું જીવન અર્પણ કરવામાં મુનિરાજશ્રી જીનવિજયજી મહારાજજી હાલમાં સુમારે બે વર્ષથી પૂના શહેરમાં આવેલ ભાંડરકર ઓરીયન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટના સંપૂર્ણ સંબંધમાં આવી તેમની દ્વારા જૈન સાહિત્યના સંશોધન અને પ્રકાશન માટે બહુજ પરિશ્રમ ઉઠાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યા છે તેઓશ્રીની ખાસ પ્રેરણાથી હાલમાં પૂના શહેરમાં મળેલી પ્રથમ પ્રાચ્ય વિદ્યા પરિષદ્‌ની સમાપ્તિના પ્રસંગ ઉપર જૈન ધર્મની સાથે સંબંધ રાખનાર સમગ્ર વાંઙ્મય ઇતિહાસ તથા તત્વજ્ઞાન વિષયક સાહિત્યના સંશોધન અને પ્રકાશન કરવા માટે ઉપરોક્ત **શ્રી જૈન સાહિત્ય સંશોધક સમાજ નામની** સંસ્થા સ્થાપન કરવામાં આવી છે જેનો ઉદ્દેશ નીચે આપવામાં આવ્યો છે. આ સંસ્થા તરફથી એક ત્રિમાસિક પત્ર પ્રગટ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો છે, અને જે પત્ર દ્વારા જૈન સાહિત્યનો પ્રચાર કરવાનો પ્રયાસ કરવામાં આવશે, જેમાં ઇતિહાસ અને સાહિત્ય સંબંધી તથા તાત્વિક લેખો દાખલ કરવામાં આવશે, જેમાં મુખ્ય કરીને ગુજરાતી તથા હીન્દી ભાષામાં લેખો આપવામાં આવશે. આ પત્રને આદર્શ બનાવવા માટે સાહિત્યના અભ્યાસી મુનિરાજશ્રી જીનવિજયજી મહારાજ સંપાદક તરીકે કાર્ય કરશે તે સાથે લગભગ ૧૦ થી ૧૨ જૈનેતર વિદ્વાનોના લેખો આવશે; જેથી અમારા માનવા પ્રમાણે જૈન સાહિત્ય માટે એક આદર્શ રૂપ આ ત્રિમાસિક બનશે. વળી ઉકત સંસ્થાનાં બંધારણમાં સભાસદ દાખલ કરવાની પદ્ધતિ પણ જોવામાં આવે છે જેથી દરેક જૈન બંધુએ આ સંસ્થામાં દાખલ થઇ અથવા ત્રિમાસિક પત્રના ગ્રાહક થઇ અથવા તો બીજી કોઇ રીતે મદદ કરવાની જરૂર છે. એમ અમો નમ્ર સુચના કરીએ છીએ.

ઉકત સંસ્થાના નામ, સ્થાપના અને, ઉદ્દેશાદીક કાર્યનું વર્ણન.

## નામ, સ્થાપના, ઉદ્દેશ અને કાર્ય.

૧ નામ–આ સંસ્થાનું નામ “ જૈન સાહિત્ય સંશોધક સમાજ “ Jain Litarary Research Society) રાખવામાં આવેલ છે.

૨ સ્થાપના–આ સંસ્થાની સ્થાપના સંવત ૧૯૭૬ ના કારતક શુદી ૧૫ તા ૭ મી નવેમ્બર ૧૯૧૯ ને દીવસે પુના શહેરમાં મુનિરાજ શ્રી જીનવિજયજી મહારાજના અધ્યક્ષપણા નીચે કરવામાં આવી છે.

૩ ઉદ્દેશ–આ સમાજનો ઉદ્દેશ જૈન ધર્મના તત્વ સંબંધી દરેક સાહિત્યને ઐતિહાસીક તથા શાસ્ત્રીય પદ્ધતિથી સંશોધન કરવાનો તથા પ્રગટ કરવાનો છે.

૪ કાર્ય–સમાજના ઉદ્દેશ પુરા કરવા સારૂ નીચે લખેલાં કાર્યો કરવામાં આવશે.

૧ સમાજ તરફથી “ જૈન સાહિત્ય સંશોધક ” નામનું એક ત્રિમાસિક પત્ર બહાર પાડવામાં આવશે.

૨ જે જે વિદ્વાનો જૈન ધર્મનાં સાહિત્યમાં અથવા શોધખોળમાં પ્રેમ રાખતા હશે તેમને આ સમાજના સભ્ય બનાવવામાં આવશે.

૩ જૈન સાહિત્યના વિષયમાં જે કોઇ વિદ્વાનને કોઇપણ બાબત જાણવાની જરૂર હશે તેને દરેક જાતની મદદ આપવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ દરેક જૈનસાહિત્યપ્રેમી વિદ્વાનોની એક "જૈન સાહિત્ય પરિષદ્" બોલાવી તેમાં જુદા જુદા વિષયો ઉપર નિબંધ વંચાવવાનો પ્રયત્ન કરવામાં આવશે.

૫ ઉંચા ધોરણના વિદ્યાર્થીઓ અથવા સ્કૉલરોને શીખવા શીખવવામાં ઉપયોગી થઈ પડે એવી રીતથી જુનું જૈન સાહિત્ય તૈયાર કરાવવામાં આવશે.

૬ જૈન તત્વજ્ઞાન, ઇતિહાસ અને સાહિત્યના વિષયમાં યોગ્ય અભ્યાસીઓની પાસે સ્વતંત્ર અથવા જુદી જુદી દ્રષ્ટીથી નિબંધ લખાવવામાં આવશે.

૭ જુના તામ્રપત્ર, શિલાલેખ, સીક્કા, ચીત્ર, ન મળી શકે તેવા તેમજ મુશ્કેલીથી મેળવી શકાય તેવા સાહિત્યનો સંગ્રહ કરવામાં આવશે.

૮ જૈન ધર્મ પાળવાવાળી જાતિઓના ઇતિહાસનો સંગ્રહ કરવામાં આવશે.

૯ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, કર્ણાટકી, તામીલ, તેલુગુ, હીન્દી, ગુજરાતી વિગેરે જે જે ભાષામાંથી જૈન સાહિત્ય મળે છે, તે દરેકના માટે જુદી જુદી સુચના કરવામાં આવશે.

૧૦ **ભારત વર્ષમાં** ઉત્તર-દક્ષીણ હીમાલયથી શરૂ કરી કન્યાકુમારી સુધી અને પૂર્વ પ્રશ્ચિમ ઉડીસાથી કાઠીઆવાડ સુધીમાં જૈનધર્મનું પ્રાચીન ગૌરવ બતાવનારા જે જે ચિન્હો છે તે દરેકનું એક સવિસ્તર સૂચીપત્ર બનાવવામાં આવશે. એ સિવાય બીજાં અનેક કાર્યો સમાજનો હેતુ પાર પાડવા માટે છે, એમાંથી જે જે કાર્યોને જ્યારે જ્યારે આર્થિક તેમજ બૌદ્ધિક સહાયતા મળશે ત્યારે ત્યારે તે અમલમાં મુકવામાં આવશે.

પરંતુ હાલ તો પ્રથમ ત્રિમાસિક પત્ર પ્રગટ કરવામાં આવશે અને તે મારફતે આ કાર્યોની થોડી ઘણી શરૂઆત કરવામાં આવશે.

## સમાજના મેમ્બર વિગેરે બનવાના નિયમો.

૧ જે ગૃહસ્થ આ સમાજને એક હજાર રૂપીયા અથવા તેથી વધારે રૂપીયા અર્પણ કરશે તેમને 'પેટ્રન' બનાવવામાં આવશે.

૨ રૂા. ૫૦૦) આપનાર ગૃહસ્થને **'વાઇસ પેટ્રન'** ગણવામાં આવશે

૩ રૂા. ૨૫૦) આપનાર ગૃહસ્થને **'ડાયરેક્ટર'** ગણવામાં આવશે.

૪ રૂા. ૧૦૦) આપનાર ગૃહસ્થને લાઇફ મેમ્બર કહેવામાં આવશે.

૫ દર વર્ષે રૂા. ૧૦) આપનારને સાધારણ મેમ્બર કહેવામાં આવશે.

**સૂચના**—સમાજના દરેક પ્રકારના મેમ્બરને સમાજ તરફથી પ્રગટ થનાર ત્રિમાસિક પત્ર ભેટ આપવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન.

## શ્રી જીવદયા ( માસિક )

અમોને અભિપ્રાય અર્થે ભેટ મળેલ છે. જેના પ્રકાશક ધી બોમ્બે હ્યુમેનીટેરીયન લીગ ( મુંબઇની શ્રી જીવદયા મંડળી ) છે કે જે સને ૧૯૧૦ ની સાલમાં જન્મ પામેલી શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ નામની સંસ્થા આઠ વર્ષ કાર્ય કરી પરિવર્તન પામેલી અને નવા સ્વરૂપમાં બહાર આવેલી આ મુંબઇની શ્રી જીવદયા મંડળી છે. આ સંસ્થાનું બંધારણ, ઉદ્દેશ અને ધારા ધોરણ વાંચતાં તથા કમીટીના સભ્યોની નામાવળી જોતાં તે ભૂતપૂર્વ કરતાં તે વધારે જોખમદાર, વગદાર અને વિશ્વાસપાત્ર નિવડે તેમ જણાય છે. સાથે સંસ્થાનો કાર્યભાર નિયમિત ચલાવવા લોકપ્રિયતા અને વિશ્વસનીય થવા અને સાથે પરમાર્થ વ્યવહારીક રીતે કરી બતાવવા જે કાર્યવાહક કમીટી નીમવામાં આવી છે તેથી ભવિષ્યમાં આદર્શરૂપ થશે તેમ માનવાને કારણ મળે છે. આ જીવદયામંડળીમાં ઉત્સાહપૂર્વક ભાગ ગમે તે મનુષ્ય લઇ શકે તેટલા માટે મેમ્બરો દાખલ કરવાનું ધોરણ રાખ્યું છે, જે વાસ્તવિક છે. જેથી આ સંસ્થાની સર્વ પ્રવૃત્તિઓથી જનસમાજને વાકેફ કરવા આશયો, ઉદ્દેશો અને કાર્યક્રમ યથાસ્થિત લોકોને સમજાવવા, અને વધારે પ્રમાણમાં જીવદયાનો પવિત્ર ઝુંડો આપણા દેશમાં ફરકાવવા માટે જ તેના કાર્યવાહકોએ આ માસિકને જન્મ આપ્યો છે. આ પ્રથમ અંકમાં આવેલા વિષયો વાંચતાં તેમાંથી ઘણું જાણવાનું મળે છે. કોઇ પણ પ્રાણીનાં દુઃખ દરદ ઓછાં કરવા, મરણમાંથી બચાવવા, દુઃખીની વ્હારે ધાવું, નિર્દોષ પ્રાણીની હિંસા, ખોરાક, ફેશન રમતગમત કે શિકારાદિથી થતી અટકાવવા પ્રયાસ કરવો વગેરે જીવદયાનાં કાર્યો છે તે જનસમાજને સમજાવવા માટે આવાં માસિકો કે બુકો હેન્ડબીલો વગેરે દેશમાં ચાલતી દરેક ભાષામાં પ્રસિદ્ધ કરી તેનો ફેલાવો કરી કે ઉપદેશકો દ્વારા સમજાવવાથી જીવદયા વધારે પ્રમાણમાં પળાય છે. આ માસિકમાં જણાવેલ હકીકત અને કમીટીનો ઉદ્દેશ જોતાં તેવો તેમનો કાર્યક્રમ અને ધોરણ જણાય છે, જેથી ખુશી થવા જેવું છે. આ જીવદયા સંસ્થાને દરેક મનુષ્યે તન મન ધનથી તેનાં કોઇ પણ કાર્યમાં મદદ આપવાની જરૂર છે અને છેવટે તેમાં સભાસદ થઇને કે આ માસિકના ગ્રાહક થઇને પણ પોતાની લાગણી બતાવવાની જરૂર છે. અમો આ સંસ્થાની અને પ્રકટ થયેલ તેના આ માસિકની ઉન્નતિ ઇચ્છીયે છીયે, અને જીવદયાનાં કાર્યમાં તેઓ દિવસાનુદિવસ વિજયવંત નીવડે તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીયે.

# વર્તમાન સમાચાર.

## ખંભાતમાં જયંતિ.

મહામહોપાધ્યાય શ્રીમદ્ શ્રી વીરવિજયજી મહારાજની માગશર માસની વદી ૮ રવિવારે તા. ૧૪-૧૨-૧૯ ના રોજ સ્વર્ગવાસ તિથિ હોવાથી શ્રી ખંભાતમાં જૈનશાળાના હોલમાં શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાવીર જૈન સભા તરફથી જયંતિ ઉજવવામાં આવી હતી. સભાના સેક્રેટરીએ ઉક્ત મહાત્માનું જીવનચરિત્ર કહી બતાવ્યું હતું અને તે વખતે વિદ્યાર્થીઓના ગાયન તથા જયંતિના હેતુ વિગેરે બાબતો ઉપર ભાષણો થયાં હતાં.

## શહેર ભાવનગરમાં શ્રી જૈન આત્માનંદ સભાએ ઉજવેલી જયંતિ.

પ્રાતઃસ્મરણીય શ્રીમદ્ મુળચંદજી મહારાજની ગયા માગશર માસની વદી ૬ ના રોજ સ્વર્ગવાસ તિથિ હોવાથી આ સભા તરફથી જયંતિ નિમિત્તે શ્રી દાદાસાહેબના દેવાલયમાં શ્રી નવાણુંપ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી તેમજ શ્રીમહાવીરસ્વામી તેમજ પૂજ્યપાદ મુળચંદજી મહારાજની પાદુકા વિગેરેની સુંદર આંગી કરાવવામાં આવી હતી સાંજના સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. આ મહાત્માનો પણ આ શહેર ઉપર ઉપકાર હોવાથી તેઓની ભક્તિ નિમિત્તે આ સભા તરફથી ત્રણ વર્ષથી જયંતિ ઉજવવાનું શરૂ કરવામાં આવેલ છે. ઉક્ત ગુરૂભક્તિનાં કાર્યમાં રાણપુર નિવાસી શેઠ નાગરદાસ તથા શેઠ ઉજમશીભાઇ પુરૂષોતમદાસ તથા પરવડીવાળા શા. હાવા દેવજી તથા ભાવનગરવાળા શા. ઝવેરભાઇ ભાઇચંદ તથા દોશી મગનલાલ ઓધવજી તરફથી સારી ઉદારતા બતાવવામાં આવી હતી.

## સમાચાર.

શ્રીમાન્ આચાર્ય મહારાજ શ્રી વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ)ના શિષ્ય આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયકમલસૂરિના પ્રશિષ્ય મુનિરાજ શ્રી ગંભીરવિજયજી આ વર્ષે પ્રતાપગઢ–(રાજપુતાના)માં ચાતુર્માસ રહ્યા હતા. ત્યાં ઘીયાજી લખમીચંદજીના તરફથી જે પાઠશાળા ચાલે છે, તેને વિસ્તૃત કરવા માટે ઉક્ત મુનિરાજ તરફથી પ્રયત્ન થયો હતો, સાથે તેઓશ્રીના ઉપદેશથી મુંઝપુર–ગુજરાત નિવાસી શેઠ હેમચંદ પાનાચંદ કે જેઓ ત્યાં યાત્રા અર્થે આવ્યા હતા, તેઓ શ્રીમાને પોતાની ધર્મપત્નિ મંગળાબાઇના નામથી રૂપિયા સાડાપાંચ હજાર ભેટ આપી ઉદારતા બતાવી છે, જેથી આ પાઠશાળાને શ્રાવિકાશ્રમના રૂપમાં ફેરવી નાંખવામાં આવી છે, જેથી ત્યાંના શ્રી સંઘે તેઓશ્રીને સન્માનપત્ર એનાયત કર્યું હતું. તે ઉપરાંત માણસાનિવાસી શેઠ સ્વરૂપચંદ દોલતરામને દિક્ષા આપવામાં આવી હતી. તેમણે સમગ્ર કુટુંબની સંમતિ લઇ રાજીખુશીથી ચારિત્ર લીધું હતું. તેઓશ્રીનું નામ મુનિરાજ શ્રી શુભવિજયજી રાખવામાં આવ્યું છે. બીજાં અનેક ધાર્મિક કાર્યો થયાં હતાં.

## આચાર્ય પદવી પ્રદાન.

દરેક કાળમાં અને દરેક સમાજમાં જે મહાન વ્યક્તિઓ પોતાની ફરજ સમજતા શીખે છે, અને તે તે સમાજની પ્રગતિ કરવાની જ્યારે શક્તિ તેમનામાં પ્રાપ્ત થાય છે એટલે કે લાયકાત જણાય છે તે તે સમાજ તે તે મહાન વ્યક્તિને તેનો મુખ્ય–લીડર નીમી તેમને કોઇ પણ પદવીથી વિભૂષિત કરી તેમના પ્રત્યે પૂજ્યભાવથી જુએ છે, અને તેવું ખાસ કરીને દરેક ધર્મમાં બને છે. આ કાળમાં જૈન દર્શનમાં અનેક ત્યાગી મહાત્માઓને આચાર્ય પદવી શ્રી સંઘે આપી પૂજ્ય બનાવી ભક્તિ કરવા સાથે આ કાળમાં ભગવાન તરીકે તેમની ગણના કરી છે, તેવા મહાત્માઓએ પણ જૈન સમાજ ઉપર પોતાનાં જ્ઞાનનો, શક્તિનો, અને પ્રભુતાનો ઉપયોગ જૈન દર્શનની ઉન્નતિમાં અનેક વખત કરેલો છે એમ ઇતિહાસ આપણને બતાવે છે. કેટલાક વખતથી આ પદપ્રદાન બંધ હતું, હાલમાં કેટલાક વખતથી પદવીપ્રદાનના પ્રસંગો આપણે સાંભળીયે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છીયે. અને આપણે ખુશી થવું જોઇએ કે કોઇ પણ સમાજમાં આવી પૂજ્ય મહાન વ્યક્તિઓ વધારે ઉત્પન્ન થાય તે ઇચ્છવા યોગ્ય છે, પરંતુ ઇતિહાસથી જેમ આપણને માલમ પડે છે કે તે તે વખતે તે મહાન પૂજ્ય આચાર્યમહારાજો જેમ પોતાની ફરજ સમજી જૈન ધર્મની ઉન્નતિ માટે અનેક કાર્યો કરતા હતા, કે જેને લઇને તે કાળમાં જૈન ધર્મ પૂર્ણ જાહોજલાલી ભોગવતો હતો તેમ આ કાળમાં વિદ્યમાન અને હવે પછી થનારા આચાર્ય મહારાજાઓ સમાજની આધુનિક સ્થિતિનો વિચાર કરી તેને કેવા ધર્મના અનુષ્ઠાનો, ક્રિયા માર્ગો, અને શુદ્ધ વ્યવહારીક, ધાર્મિક પંથોની જરૂર છે, અથવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ફેરફારને લઇને તેમાં શું સુધારો વધારો કરવાની જરૂર છે તેનો આ કાળના પૂર્વાચાર્યો મહાત્માની જેમ આધુનિક પદવીધર મહાત્માઓ વિચાર કરી ધર્મ ઉન્નતિ માટે પ્રયત્ન કરે, પોતાની તેવી ફરજ બજાવે તો તે પદવી જેમ અમૂલ્ય ગણાય છે તેમ ફળદાયી નિવડે. આ કાળમાં આચાર્ય મહારાજની પદવી સર્વોતમ અને ઉચ્ચ ગણાય છે, જ્યારે આ ઉત્તમ ગુણ નિષ્પન્ન પદવી કે જેના ઉપર સમગ્ર જૈન કોમ અને જૈન ધર્મની ઉન્નતિ અવનતિનો આધાર રહેલો છે, તે જો સંખ્યા વધારવા માટે કરવામાં આવે, તે પદવીધર મહાત્મા પોતાની ફરજ શું છે તે ન સમજે ? અને જો કોઇ તેવા પ્રસંગો સમાજમાં ઉપસ્થિત થતા હોય કે કલેશ, કુસંપ, ઇર્ષ્યા વધતા જૈન સમાજ એક પગથીયું ઉન્નતિથી પાછળ હઠતો હોય તો તે જેમ બોજારૂપ છે તેમ તેને માટે થતા ખર્ચો પણ સમાજને નકામા થઇ પડે છે, અને વખતે બીજી કોમોમાં જૈન સમાજની લઘુતા થાય છે, જેથી જે જે મહાત્મામાં જે જાતની લાયકાત શ્રી સંઘે જોઇ તેઓશ્રીને પદાભિષેક કરેલ છે તે તે લાયકાતનો સમાજની ઉન્નતિમાં ઉપયોગ કરવાની અમારી નમ્ર વિનંતિ છે. તે ગમે તેમ હો પરંતુ હાલ એક ચારિત્રપાત્ર, જ્ઞાન ધ્યાન સજઝાયમાં નિમગ્ન અને સતત્ અભ્યાસી પંન્યાસજી શ્રી નીતિવિજયજી મહારાજને હાલમાં અમદાવાદમાં આચાર્યપદ બહુજ આનંદપૂર્વક આપવામાં આવ્યું છે. આ મહાત્મા સ્વભાવે બહુ સરલ સાથે ક્રિયાનિષ્ઠ અને સારા અભ્યાસી છે તેમને આપેલ આ ઉચ્ચ પદવી માટે અમે અમારો આનંદ જાહેર કરીયે છીયે અને સાથે તેઓશ્રીને વિનંતિ પણ કરીયે છીયે કે શ્રીસંઘે આપનામાં જે ઉચ્ચ લાયકાત જોઇ આ જવાબદારીવાળું પદપ્રદાન કર્યું છે તેને સફળ કરવા, લાયકાતનો સંપૂર્ણ ઉપયોગ કરવા અને દેશકાળને અનુસરી જૈન કોમની ઉન્નતિ માટે ફરજ બજાવવા આપ પ્રયત્નવાન બનશો, અને જૈન કોમમાં કુસંપ અને ઇર્ષ્યાનો નાશ થતાં તેની આબાદી, વૃદ્ધિ અને ઐક્યતા વધવામાં જ તેમની દરેક પ્રવૃત્તિ થાય તેમ કરવા તેઓશ્રીને નમ્ર વિનંતિ કરીયે છીયે.

---

# એક ખુલાશો.

---

સખ્ત મોંઘવારીને લઇને છાપખાનામાં માણસોની પણ મુશ્કેલીના અંગે પોશ અને માહ માસના બે અંકો એક સાથે પ્રકટ કરવામાં આવેલ છે જેથી ગ્રાહકગણ ક્ષમા કરશે.

સેક્રેટરીઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમાન્ મુનિરાજશ્રી ગુલાબવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

પ્રાત: સ્મરણીય શ્રીમાન્ મહાત્મા મૂળચંદજી મહારાજના મુખ્ય શિષ્ય શ્રીમાન્ મુનિરાજશ્રી ગુલાબવિજયજી મહારાજ શુમારે ૭૫ વર્ષની વયોવૃદ્ધ ઉમરે ઘણા વર્ષો સુધી શુદ્ધ સંયમ પાળી ગયા માગશર વદી ૩ ના રોજ ગોઘા શહેરમાં પરમાત્માનું સ્મરણ કરતાં પંચત્વ પામ્યા છે. આ મહાત્માએ લાંબા વખત સુધી ચારિત્ર પાળ્યું હતું. તેઓશ્રી બાળબ્રહ્મચારી હોવા સાથે સરલ હૃદયના અને નિસ્પૃહી મહાત્મા હતા. તેઓ કોઇ પણ ખટપટ કે કલેશથી દૂર રહેતા હતા અને પોતાના ચારિત્રધર્મની આરાધનામાં જ મશગુલ રહેતા હતા. આવા એક ત્યાગી નરરત્ન મહાત્માના સ્વર્ગવાસથી જૈન દર્શનને એક મહા પુરૂષની ખરેખરી ખોટ પડી છે. અમે તે મહાત્માના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીયે છીયે.

## બંધુ ભાઇચંદ મગનલાલનો સ્વર્ગવાસ.

ઉક્તબંધુ શુમારે ૩૦ વર્ષની ભરયુવાનવયે સામાન્ય તાવના વ્યાધિથી પોશ વદી ૯ ના રોજ અત્રે પંચત્વ પામ્યા છે. તેઓ સરલ સ્વભાવના, મીલનસાર અને માયાળુ હતા. વિલાયતી દવા વેચવાનો પોતાનો વેપાર હોવાથી તે ધંધો ખીલવવા હાલમાં જ તેઓએ સ્વતંત્ર પેઢી ખોલી ઘણા ઉત્સાહથી તેની પ્રવૃત્તિ કરવામાં પ્રયત્નવાન થયા હતા, દરમ્યાન થોડીજ મુદતમાં કાળના ઝપાટામાં આવી ગયા છે. ભવિતવ્યતા આગળ મનુષ્ય માત્રનો ઉપાય નથી તેમ મનુષ્યનું ધાર્યું પણ થતું નથી, તેઓ સભાના વયોવૃદ્ધ પ્રમુખના પુત્ર થતા હતા, તેમના સ્વર્ગવાસથી તેમના પિતા તથા કુટુંબને અસહ્ય દુ:ખ આવી પડયું છે તેથી તેમજ આ સભા ઉપર પણ આ અત્યંત પ્રીતિ ધરાવતા તેથી આ સભા પોતાનો અત્યંત ખેદ જાહેર કરે છે, સાથે તેમના વૃદ્ધ પિતા અને કુટુંબને દિલાસો આપે છે અને છેવટે તેમના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ગુરૂગુણમાળા યાને (ગુરૂગુણ છત્રીશી).

## ( મૂળ સાથે ભાષાંતર. )

### અનુવાદક શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજ.

પ્રાતઃસ્મરણીય શ્રી નવકારમંત્રના ત્રીજા પદ શ્રી આચાર્ય ભગવાનના છત્રીશ ગુણો શાસ્ત્રકારો કહ્યાં છે, તે સાથે તેવીજ છત્રીશ છત્રીશી અટલે ૧૨૯૬ ગુણો આચાર્ય મહારાજના છે, તેમ પણ કહેલ છે; તે ગુણો એવા તો અલૌકિક છે કે જે વાંચતાં આચાર્યપદના સ્વરૂપનું જાણુ થવા સાથે આત્માને અધ્યાત્મિક આનંદ પ્રાપ્ત થાય છે, બાળજીવોના ઉપકાર નિમિત્તે કરેલી શ્રી પૂર્વાચાર્યની આકૃતિ અલ્પજ્ઞ સમજી શકે તે માટે ભાષાંતર પણ સાથે આપવામાં આવ્યું છે. ભાષાંતર પણ સરલ અને શુદ્ધ શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજે કરેલું છે જે ગ્રંથ હાલમાં અમારા તરફથી પ્રસિદ્ધ થયો છે. જે ખાસ વાંચન અને મનન કરવા યોગ્ય છે. કિંમત માત્ર મુદ્દલ રૂા. ૦–૬–૦ રાખવામાં આવી છે. પોસ્ટેજ જુદું અમારે ત્યાંથી મળશે.

## નીચેના ગ્રંથો છપાવવા માટે ( ભાષાંતર ) તૈયાર થાય છે.

**( પ્રસિદ્ધ કરવા માટે–જ્ઞાનોદ્ધારના કાર્યના ઉત્તેજન માટે સહાયની જરૂર છે ).**

૧. **શ્રી દાન પ્રદીપ** (મહોપાધ્યાય શ્રીચારિત્રગણી કૃત) દાનગુણનું સ્વરૂપ જણાવનાર.
૨. **શ્રી મહાવીર ચરિત્ર** ( શ્રી નેમીચંદ્ર સૂરિકૃત ) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે. બારમા સૈકામાં તે લખાયેલ છે. પાટણના ભંડારની તાડપત્રની પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્વ ચરિત્ર છે.
૩. **શ્રી વિમલનાથ ચરિત્ર** ( શ્રી જ્ઞાનસાગરસૂરિ કૃત ) અપૂર્વ ચરિત્ર.
૪. **શ્રી ઉપદેશ સપ્તતિકા** ( શ્રી સોમધર્મગણિ વિરચિત ).
૫. **શ્રી ધર્મપરિક્ષા** ( અપૂર્વ કથાનક ગ્રંથ ).
૬. **શ્રી સંબો સપ્તતિ**–શ્રી રત્નશેખરસૂરિ વિરચિત અનેક ધર્મની હકીકતો જણાવનારો ગ્રંથ.
૭. ગુણ... (**ભાષાંતર**) શ્રી પંચપરમેષ્ઠિના અલૌકિક ગુણનું વર્ણન.

ઉપરના ગ્રંથો રસિક, બોધદાયક અને ખાસ પઠનપાઠન કરવામાં ઉપયોગી છે; તે સાથે વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા છે. જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે, વર્ત્તમાન સમયમાં ધર્મના આવા સારા સારા ગ્રંથો સિદ્ધ કરી–કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે. વળી બહોળા માણુમાં તેના ખપી મુનિમહારાજાઓ, સાધ્વીમહારાજ અને જ્ઞાનભંડાર વિગેરેને ( વગર કિંમતે ) ભેટ અપાય છે. સહાય આપનારને તે લાભ સાથે તેનો જે નફો આવે તે તેવાજ જ્ઞાનખાતામાં ઉપયોગ થાય છે જેથી લાભ લેવા જેવું છે.


## જૈન બંધુઓને ખાસ સૂચના.

**આપણા મંદિરોમાં ઉપયોગમાં આવે તેવી શુદ્ધ વસ્તુઓ જેવી કે–કેસર, કસ્તુરી, અમ્બર, બરાસ, મોમ્માઈ, ગોરૂચંદન, શીલાજીત, સોના–ચાંદીના પાના, દશાંગી ધુપ, અગરબતી વીગેરે માલ કીફાયત ભાવે મળશે. ભાવને માટે પ્રાઇસલીટ મંગાવો. શા. ફુલચંદ ગોપાળજી, હેરીસ રોડ—ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાર્થત્યાગ કરવાની આવશ્યકતા.

" સાંસારિક જીવનમાં પ્રત્યેક મનુષ્યને યશ અને સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય છે, અને તેની સિદ્ધિ મુખ્યત્વે કરીને ઉદ્યોગશીલતા, નિર્વ્યસનતા, દૃઢ નિશ્ચય, સદાચાર, સાહસ, બુદ્ધિમત્તા, કાર્યકુશળતા ઇત્યાદિ ગુણોવડે પ્રાપ્ત થઇ શકે છે. પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માની સ્વસ્થ બેસી રહેવામાં કંઇ પણ પુરૂષાર્થ નથી. બનતે યત્ને તે સ્થિતિ સુધારી વગર આળસે અહર્નિશ ઉદ્યોગ કરતા રહેવાથી ખરૂં પુરૂષત્વ ઉત્પન્ન થઇ વાસનાશક્તિ અને દુર્વર્તનનો નાશ થાય છે. બુદ્ધિમત્તા અને કાર્યકુશળતાની વૃદ્ધિ થવા માટે અહોરાત્ર પરિશ્રમ કર્યા વગર મનુષ્યનો પ્રભાવ પડતો નથી અને સાહસાદિ ઇષ્টપ્રદ ગુણોનો પ્રાદુર્ભાવ થતો નથી. જેઓને સ્વબુદ્ધિબળ અને કર્તવ્ય ઉપર સંપૂર્ણ વિશ્વાસ નથી તેઓને હાથે કોઇ પણ મહત્વનાં કાર્યો થતાં નથી, તેમજ વિત્તની અને ઐશ્વર્યની ગમે તેટલી અનુકૂળતા થાય તો પણ સન્માર્ગથી કિંચિત્ પણ વેગળું જવું નહિ અને કોઇ પણ દુર્વ્યસનમાં લિપ્ત થવું નહિં એવો દૃઢ નિશ્ચય કરી પોતાનાં આચરણ સર્વદા પવિત્ર રાખનાર મનુષ્યને જ ખરૂં સુખ મળે છે અને જન-સમાજમાં માન મળે છે. સાંપ્રત જેવી દુઃસહ્ય સ્થિતિમાં પ્રત્યેક મનુષ્ય પોતપોતાના સ્વાર્થ જેટલું જ કાર્ય કરી સ્વસ્થ બેસી રહેશે તો તેથી સર્વ જનસમૂહનું કલ્યાણ થશે નહિ. જે દે-શમાં કિંવા જે જનસમાજમાં પોતાનું આયુષ્ય વીતાડવું હોય તેના પ્રત્યે પોતાનું કર્તવ્ય સંપૂર્ણ રીતે જાણી લઇ તે કાર્ય પરિપૂર્ણ કરવા માટે મન, વચન અને કર્મવડે પ્રયત્ન કરવો જોઇએ. સાર્વજનિક હિતનાં કાર્યો કરવામાં ખાનગી દ્વેષ, અહંકાર આદિ દુર્ગુણને તિલાંજલી આપવી જોઇએ. જાતિભેદ મૂલક ઉચ્ચ–નીચનો ભાવ ઓછો થશે તેમ તેમ સમાજમાં અક્ય અને પરસ્પર પ્રેમ વધશે અને પ્રત્યેક દેશકાર્યમાં સિદ્ધિ પ્રાપ્ત થશે; એ સૂત્ર તેઓએ અહર્નિશ હૃદયમાં કોતરી રાખવું જોઇએ. કોઇ પણ ધર્મ સંબંધી કિંવા વ્યવહારિક રૂઢી સંબંધી અપ્રયોજન અભિમાન ધારણ કરી, સમાજમાં ફાટફૂટ કિંવા કલહ ઉત્પન્ન કરવાનો હવે સમય નથી. સાંપ્રત સંઘશક્તિ જેટલી વધશે તેટલી આપણા સમાજને હિતકારક થઇ પડશે એ વાર્તા લક્ષમાં રાખી તેને વિઘાતક થઇ પડે એવી કૃતિ કરનાર મનુષ્યને નિષેધ કરવા ચુકવું જોઇતું નથી તે મનુષ્ય સ્વ-જાતિનો કિંવા સ્વધર્મનો હોય તોપણ તે સંબંધી વિચાર નહિ કરતાં તેનું કર્તવ્ય જનસમા-જનાં હિત વિરૂદ્ધનું હોય તો તેને દ્રોહી માનવો જોઇએ. હમણાં સમાજમાં કેટલાક મનુષ્યોના બોલવા ચાલવામાં જ જે સ્વદેશાભિમાન જણાય છે તે ઘણે ભાગે સ્વજાત્યભિમાનને લઇને જ જણાય છે. કેટલાક મનુષ્યનાં આચરણમાં સ્વદેશાભિમાન અને સ્વજાત્યભિમાન એકત્ર થયેલું જણાય છે. એ અનિષ્ટ મનોવિકાર ધીમે ધીમે નાશ પામશે તોજ દેશની ઉન્નતિ થશે. પરંતુ આપણા કેટલાક પોતાને સુશિક્ષિત કહેવડાવનાર મનુષ્યોનાં હૃદયમાં ઉક્ત મનોવિકાર ઉલ્ટો વિશેષ પ્રબળ થયેલો જણાય છે. તે ઉપરથી કહી શકાય છે કે દેશની અભીષ્ટ સિદ્ધિ થવાને હજુ ઘણો સમય જોઇએ."

'શ્રી શિવાજી છત્રપતિ' માંથી.

For Private And Personal Use Only